
ગુજરાત સમાચાર
06 નવેમ્બર 2026, શુક્રવાર
ચિત્રલોક

તમન્ના ભાટિયા: મને સફળતા મળી ગઈ એ તો બરાબર છે, પણ...



ફ્લોપોગમાં માત્ર પંદર વર્ષની વયે પોતાના અભિનય પ્રવાસની શરૂઆત કરનારી લોકપ્રિય અને પ્રતિભાશાળી અભિનેત્રી તમન્ના ભાટિયાએ પોતાની અત્યાર સુધીની લાંબી કારકિર્દીમાં અનેક ચડાવ-ઉતાર જોયા છે. પોતાની ફિલ્મી સફરના આવા જ કેટલાક અજાણ્યા, અંગત અને રસપ્રદ પાસાંઓ વિશે તમન્નાએ દિલ ખોલીને વિચારો વ્યક્ત કર્યા છે.

વર્ષ ૨૦૦૫માં રિલીઝ થયેલી ફિલ્મ 'ચાંદ સા રોશન ચહેરા'થી પોતાની અભિનય કારકિર્દી શરૂ કરનારી તમન્ના ભાટિયા પોતાના શરૂઆતના એ સમયગાળાને વાગોળતાં જણાવે છે કે બાળપણમાં તેનામાં અતિશય આત્મવિશ્વાસ હતો. તેને ઘણીવાર એ પણ ચોક્કસ ખ્યાલ નહોતો કે ભવિષ્યમાં આગળ શું કરવું છે, પરંતુ તેના અંતરમનમાં એવી અડગ શ્રદ્ધા જરૂર હતી કે તે ગમે તેવી વિપરીત પરિસ્થિતિનો સફળતાપૂર્વક સામનો કરી શકશે. કદાચ એ બાળસહજ અને દ્રઢ આંતરિક આત્મવિશ્વાસે જ તેને સિને જગતમાં એક સફળ કલાકાર તરીકે સ્થાપિત થવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી છે.

જોકે સામાન્યપણે વ્યક્તિ વીસ વર્ષની આસપાસની વયે પોતાની જાતને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયાસ શરૂ કરે છે. તમન્ના માને છે કે, 'આ વયે શરીર અનેક પ્રકારના જૈવિક ફેરફારોમાંથી પસાર થતું હોય છે, બાહ્ય દેખાવ બદલાતો હોય છે અને એક કલાકાર માટે સૌથી મોટો પડકાર એ હોય છે કે તેણે સતત કેમેરાની સામે રહેવાનું હોય છે. આવા સંજોગોમાં વ્યક્તિગત અસલામતી અને આંતરિક મનોમંથનો સામે પણ લડવું પડે છે. જીવનમાં કેટલાક દિવસો ખૂબ જ સારા અને ઉત્સાહવર્ધક હોય છે, તો કેટલાક દિવસો નકારાત્મકતા લઈને આવે છેત એક કલાકારે આ તમામ વિષમ પરિસ્થિતિઓ વચ્ચે સમતુલા જાળવતાં શીખવું પડે છે.'

'મને સૌથી મોટો વસવસો એ વાતનો છે કે હું મારી જાત માટે પૂરતો સમય કાઢી શકી નહિ. કાશ... મેં મારા જીવનનાં કેટલાંક વર્ષો, કેટલીક પળો અંગત આનંદ માટે ફાળવ્યો હોત...'

તમન્ના પોતાની આ સિનેમેટિક સફરને બે-બે વર્ષના તબક્કામાં જુએ છે. બાળપણમાં રહેલો અસીમ આત્મવિશ્વાસ, ત્યાર પછી યુવાનીના આરંભે આવેલો થોડો મૂંઝવણભર્યો ગાળો અને છેવટે ફરી એકવાર સંપૂર્ણ પાકટતા વચ્ચે દ્રઢ બનેલો આત્મવિશ્વાસ.

આટલી લાંબી અને સફળ સફર તરફ પાછળ વળીને જોતાં તમન્નાને સૌથી મોટો વસવસો એ વાતનો રહે છે કે તે પોતાના માટે પૂરતો સમય ફાળવી શકી નહીં. તે ઈચ્છે છે કે તેણે પોતાના જીવનનાં કેટલાંક વર્ષો અને થોડી વધુ પળો પોતાના અંગત આનંદ માટે પણ માણ્યાં હોત. તેની માતા પણ ઘણીવાર એ વાતથી નારાજ રહેતી કે તમન્ના ક્યારેય કામમાંથી લાંબો વિરામ લેતી નથી. તેને ઘણીવાર એવો વિચાર આવે છે કે કાશ તેણે થોડી વધુ રજાઓ ગાળી હોત, મિત્રો સાથે પાર્ટીઓમાં ગઈ હોત, તેમના જન્મદિવસની ઉજવણી કરી હોત કે પછી પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવ્યો હોત.

જો જીવનમાં તેને ફરીથી કોઈ નવી તક મળે તો તે સંગીત અને નૃત્યની વિધિવત તાલીમ લેવા માંગે છે. તે માને છે કે શાસ્ત્રીય નૃત્ય અને સંગીત એક પ્રકારનું ધ્યાન એટલે કે મેડિટેશન સમાન છે, જે મનને અસીમ શાંતિ, સ્થિરતા અને આધ્યાત્મિક આનંદ આપે છે. પોતાના પ્રારંભિક દિવસોમાં તે લોકોની વાતો અને અભિપ્રાયો પર વધુ ધ્યાન આપતી હતી, પરંતુ સમય જતાં તે સમજી ગઈ કે જીવનમાં પોતાના નિર્ણયો સ્વયં લેવા જ સર્વોપરી છે. બાહ્ય દુનિયાનું દબાણ મગજ પર હાવી થવા દેવું જોઈએ નહીં. લોકો તમારા વિશે શું વિચારે છે તેની પરવા કર્યા વિના, સાચા કે ખોટા પોતાના નિર્ણયોની જવાબદારી સ્વીકારીને પોતાની શરતો પર જીવવું એ જ સાચું જીવન છે.

તમન્ના કેમેરાની લાઈટો બંધ થતાં જ અત્યંત સાદી અને સામાન્ય વ્યક્તિ બની જાય છે. સતત દસ દિવસ શૂટિંગમાં સજીધજીને રહ્યા પછી અગિયારમા દિવસે તે ઘરમાં સાદગીથી રહેવાનું વધુ પસંદ કરે છે. તે દિવસે કોઈ જ કામ કર્યા વિના સાચે જ આળસુ બનીને આરામ કરે છે. તે એક નંબરની ખાધોડકી છે. પોતાના અંગત મિત્રો તેમજ સ્નેહીજનોને ઘેર બોલાવીને મોજમસ્તી અને ગપ્પાં મારવામાં તેને સૌથી વધુ આનંદ મળે છે.

આશ્ચર્યજનક રીતે તમન્ના કોઈ સંકોચ વિના સ્વીકારે છે કે તે નવરાશના સમયે ઈન્ટરનેટ પર પોતાના વિશે ગૂગલ સર્ચ કરતી રહે છે. લોકો તેના વિશે શું ચર્ચા કરી રહ્યા છે તે જાણવું તેને ઘણું રસપ્રદ લાગે છે. કેટલીકવાર સોશિયલ મીડિયા પર વાંચવા મળતી રમૂજી બાબતો કે દર્શકોની સુંદર સમીક્ષાઓ જોઈને તેને ખૂબ મનોરંજન અને આંતરિક ખુશી મળે છે.

ફિલ્મોની વાત કરીએ તો તાજેતરમાં 'ધી વન'ની સફળતા પછી તમન્ના પાસે એક સુપરનેચરલ થ્રિલર છે, જે પૌરાણિક કથા પર બની રહી છે. ઉપરાંત એક્શન એડવેન્ચર ફિલ્મ 'રેન્જર'માં પણ તેની મહત્વની ભૂમિકા છે. તમન્ના 'રાગિની એમએમએસ ૩'નો પણ હિસ્સો છે- આ ફ્રેન્ચાઈઝી પોતાના બોલ્ડ અને હોરર કન્ટેન્ટ માટે જાણીતી છે. એવી જ રીતે બોલિવુડની મોસ્ટ અવેટેડ કોમેડી ફિલ્મ 'નો એન્ટ્રી ૨', શાંતારામની બાયોપિક અને 'મારિયા આઈપીએસ' જેવા મોટા પ્રોજેક્ટ્સ પણ હાલ તેની ઝોળીમાં છે.■

સાઈ પલ્લવી: સ્ટેથોસ્કોપ છોડી રૂપેરી પડદે ચમકી

બનવું હતું ડોક્ટર, પણ ભાગ્યના પ્રીસ્ક્રિપ્શનમાં કંઈક અલગ જ હતું

સામાન્ય રીતે ગ્લેમર વર્લ્ડની ચકાચૌંધમાં કલાકારો પોતાની જાતને કૃત્રિમ રીતે બદલી નાખતા હોય છે. પરંતુ ભારતીય સિનેમામાં એક એવો ચહેરો છે જેણે મેકઅપના થાપા વિના, પોતાના ચહેરાની કુદરતી રંગત અને ખીલ સાથે કરોડો સિનેપ્રેમીઓનાં દિલ જીતી લીધાં છે. એ નામ છે - સાઈ પલ્લવી. દક્ષિણ ભારતીય સિનેમામાં પોતાની અસરકારક અદાકારી અને લયબદ્ધ નૃત્યથી જાદુ ચલાવ્યા પછી હવે આ 'સીતામાતા' બોલિવુડ તેમજ સમગ્ર ભારતીય સિને જગત પર પોતાનો ઊંડો પ્રભાવ પાથરી રહી છે.



તાજેતરમાં મામૂટી અને ધનુષ અભિનીત બહુચર્ચિત ફિલ્મ 'ઓમ ચેપ્ટર ૧- ધ બ્લડ વૂ'માંથી સાઈ પલ્લવીનો પોલીસ ઓફિસર તરીકેનો ફર્સ્ટ લૂક સામે આવ્યો અને સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી ગયો. ખાખી વર્દીમાં તેની ગંભીર આંખો અને દ્રઢ ચહેરો ફરી એકવાર ખાતરી કરાવે છે કે તે સ્ક્રીન પર માત્ર હાજરી નોંધાવવા નથી આવતી, પણ પાત્રને જીવી બતાવે છે. જેણે 'ગાર્ગી' (૨૦૨૨) અને 'અમરન' (૨૦૨૪) જેવી ફિલ્મોમાં યાદગાર અભિનય આપ્યો છે, તે જ સાઈ પલ્લવી એક સમયે અભિનયની દુનિયાથી જોજનો દૂર તબીબ બનવાની તૈયારી કરી રહી હતી.

ટેલિવિઝનના લોકપ્રિય શો 'કૌન બનેગા કરોડપતિ'ના મંચ પર જ્યારે મહાનાયક અમિતાભ બચ્ચને તેની આ અસાધારણ સફર વિશે પૂછ્યું, ત્યારે સાઈ પલ્લવીએ પોતાના દિલની વાત શેર કરી હતી. ધોરણ ૧૨માં અભ્યાસ કરતી વખતે તેણે એક ડાન્સ રિયાલિટી શોમાં ભાગ લીધો હતો અને તે સમયે તેને ફિલ્મોની કેટલીક ઓફરો પણ મળી હતી, પરંતુ માતાપિતાની ઈચ્છા તેને ઉચ્ચ શિક્ષણ અપાવવાની હતી. આથી સાઈ પલ્લવી તબીબી અભ્યાસ માટે છેક જ્યોર્જિયાની તબિલિસી સ્ટેટ મેડિકલ યુનિવર્સિટી પહોંચી ગઈ.

પાંચ વર્ષ સુધી સ્ટેથોસ્કોપ, મેડિકલ પુસ્તકો અને હોસ્પિટલના વોર્ડ વચ્ચે તેનું જીવન વીત્યું. પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું. મેડિસિનના પાંચમા વર્ષ દરમિયાન તેને દિગ્દર્શક અલ્ફોન્સ પુથરેનનો ફોન આવ્યો, જેમણે વર્ષો પહેલાં તેનો ડાન્સ શો જોયો હતો. તેમણે મલયાલમ ફિલ્મ 'પ્રેમમ્' (૨૦૧૫) માટે ઓફર કરી અને સાઈ પલ્લવીએ હા પાડી દીધી. આ એક સ્વીકારે ભારતીય સિનેમાને 'મલાર ટીચર' જેવું આઈકોનિક પાત્ર અને એક અસાધારણ કલાકાર આપ્યાં. આ વાત સાંભળીને બિગ બી પણ પ્રભાવિત થઈ ગયા.

સાઈ પલ્લવી પોતાની આ સમગ્ર સફરને પ્રારબ્ધ માને છે અને તેનું માનવું છે કે ઈશ્વરે પહેલેથી જ તેના માટે આ રસ્તો નક્કી કરી રાખ્યો હતો. આ ખાસ એપિસોડમાં તેની સાથે ઉપસ્થિત તેના આગામી મેગા પ્રોજેક્ટ 'રામાયણ'ના કો-સ્ટાર રણબીર કપૂરે આ વાત પર ખૂબ જ રમૂજી ટિપ્પણી કરી હતી. રણબીરે પલ્લવીના મેડિકલ બેકગ્રાઉન્ડને જોડતાં કહ્યું કે, 'ભગવાન કા પ્રિસ્ક્રિપ્શન થા સર, કે એણે એક્ટિંગ જ કરવાની છે.' રણબીરના આ વન-લાઈનરે સેટ પર સૌને ખડખડાટ હસાવી દીધા હતા.

કાર્યક્રમ દરમિયાન સાઈ પલ્લવીએ સીતાજીની ભૂમિકા વિશે પણ હૃદયસ્પર્શી વાત કરી. તેણે સ્વીકાર્યું કે સામાન્ય રીતે તે પોતાની અગાઉની ફિલ્મોમાં 'હું પાત્રમાં નવું શું ઉમેરી શકું?' એ વિચારીને કામ કરતી હતી, પરંતુ સીતાજીના પાત્ર માટે તેનો અભિગમ સાવ અલગ છે. તેણે કહ્યું કે આ પવિત્ર ભૂમિકામાં કંઈ આપવા કરતાં પાત્રમાંથી હું શું શીખી શકું, શું મેળવી શકું તે મારો અભિગમ છે.

સાઈ જ્યોર્જિયાની સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં ભણી રહી હતી ત્યારે મેડિસીનના પાંચમા વર્ષે એક ફિલ્મમેકરનો ફોન આવ્યો, જેમણે વર્ષો પહેલાં એનો ડાન્સ શો જોયો હતો. એમણે એક મલયાલમ ફિલ્મની ઓફર આપી અને...

એક કલાકાર તરીકે આ વિનમ્રતા જ તેને અન્ય સમકાલીન અભિનેત્રીઓથી તદ્દન અલગ પાડે છે. સફેદ કોટ અને સ્ટેથોસ્કોપ ભલે છૂટી ગયાં, પરંતુ રૂપેરી પડદા પર પોતાના સંવેદનશીલ અભિનય થકી લોકોનાં દિલ જીતવાની કળા તેણે બરાબર સાધી લીધી છે.■

શાહરુખ શરૂઆતમાં ગૌરી માટે ખૂબ જ પઝેસિવ હતો


'શાહરુખનું વર્તન ત્યારે અસહ્ય અને ઘૃણાસ્પદ હતું. આખરે મારે એને ધમકી આપવી પડી કે જો તું તારું આવું વલણ નહીં બદલે તો હું તને કાયમ માટે છોડી દઈશ અને ક્યારેય તારું મોઢું પણ નહીં જોઉં...'

પડદા પાછળ શું ચાલે છે, કેટલું ખરું ને કેટલું ખોટું છે એ તો ભગવાન જાણે, પણ તાજો તાજો ૬૧મો બર્થડે ઉજવનાર શાહરુખ ખાન અને તેની પત્ની ગૌરી ખાન બોલિવુડનું એક આદર્શ દંપતી ગણાય છે. પરંતુ શરૂઆતના દિવસોમાં તેમની પ્રેમકહાનીમાં પણ ખાસ્સી અડચણો આવી હતી. વેટરન એક્ટ્રેસ સિમી ગરેવાલ દ્વારા હોસ્ટ થતા લોકપ્રિય શો 'રેન્ડેવૂ વિથ સિમી ગરેવાલ'ના એક એપિસોડમાં શાહરુખે પ્રામાણિકપણે કબૂલ્યું હતું કે, 'ગૌરી સાથેના સંબંધના શરૂઆતના તબક્કામાં હું તેના પ્રત્યે અત્યંત પઝેસિવ હતોત એક અસુરક્ષિત પ્રેમી તરીકે હું બહુ અભદ્ર વર્તન કરતો હતો. હું મારી ગર્લફ્રેન્ડને વાળ ખુલ્લા રાખવાની કે વ્હાઇટ શર્ટ પહેરવાની પણ છૂટ આપવા નહોતો ઇચ્છતો.'

પતિની આ નિખાલસ કબૂલાતને સમર્થન આપતાં ગૌરી ખાને શોમાં ઉમેર્યું હતું કે, 'તેનું એ વર્તન સાચે જ અસહ્ય અને ઘૃણાસ્પદ હતું. પરંતુ આખરે તેણે પોતાનો સ્વભાવ સુધારવો પડ્યો, કારણ કે મેં તેને ચોખ્ખી ધમકી આપી હતી કે જો તું તારું આવું વલણ નહીં બદલે તો હું તને કાયમ માટે છોડી દઈશ અને ક્યારેય તારું મોઢું પણ નહીં જોઉં.'

શાહરુખ માત્ર ૧૮ વર્ષની વયે દિલ્હીમાં એક મિત્રની પાર્ટીમાં ૧૪ વર્ષની ગૌરીના પ્રેમમાં પડ્યો હતો. શરૂઆતમાં તે ગૌરી સમક્ષ જતાં ઘણો શરમાતો, પણ ધીમે ધીમે બંને વચ્ચે નિકટતા વધી.

એ અરસામાં એક રસપ્રદ કિસ્સો પણ બન્યો હતો. એક વખત સંબંધમાં થોડા અંતરની જરૂર લાગતાં ગૌરી કોઈને કહ્યા વિના દિલ્હીથી અચાનક મુંબઈ આવી ગઈ. શાહરુખને માત્ર એટલી ખબર હતી કે ગૌરીને સ્વિમિંગનો ભારે શોખ છે. તે વખતે ભોળા શાહરુખને એવો ભ્રમ હતો કે મુંબઈમાં કદાચ એકાદ જ દરિયાકિનારો હશે, એટલે તે ગૌરીને સહેલાઈથી શોધી કાઢશે. ખિસ્સામાં માત્ર ૪૦૦ રૂપિયા લઈને મુંબઈ પહોંચ્યા બાદ તેને ખ્યાલ આવ્યો કે આ મહાનગરમાં તો કંઈકેટલાય બીચ છે! શાહરુખ મુંબઈના એક પછી એક બીચ ખૂંદતો રહ્યો. આખરે હતાશ થઈને દિલ્હી પાછા ફરવાનો વિચાર કરી રહ્યો હતો, બરાબરતે જ વખતે એને દૂરથી ગૌરીનો અવાજ ભળાયો. આમ, અફાટ મુંબઈમાં પણ બંનેનું સુખદ મિલન થયું.■





જેના ઓર્ટેગા: ટેલિવિઝનથી વિરામ અને નવા પ્રયોગો

લોકપ્રિય વૈશ્વિક ખ્યાતિ મેળવનાર હોલિવુડ અભિનેત્રી જેના ઓર્ટેગાએ આ શો પૂર્ણ થયા બાદ ટેલિવિઝન જગતમાંથી લાંબો વિરામ લેવાના સંકેત આપ્યા છે. પોડકાસ્ટ 'હેપી સેડ કન્ફ્યુઝ્ડ'માં તેણે જણાવ્યું કે તે હવે નવી ફ્રેન્ચાઈઝીઓથી દૂર રહીને પોતાનો સમય નવા સિનેમેટિક પ્રયોગો અને વિચારો પાછળ ફાળવવા માંગે છે.

બાળ કલાકાર તરીકે 'જેન ધી વર્જિન' અને 'સ્ટફ ઈન ધી મિડલ'થી કરીઅર શરૂ કરનાર જેનાએ સતત દોડધામ અને ભારે દબાણનો સામનો કર્યો હતો. જોકે સિરીઝ 'યુ'એ તેના કરિયરને નવો વળાંક આપ્યો. હવે તે આગામી વર્ષે રજૂ થનારી 'વેડનસડે'ની ત્રીજી સીઝનમાં કેથરિન ઝેટા-જોન્સ, લુઈસ ગુઝમેન, વિનોના રાઈડર અને ઈવા ગ્રીન સાથે જોવા મળશે, જેનું શૂટિંગ સપ્ટેમ્બરમાં જ પૂરું થયું છે.

અભિનય ઉપરાંત જેના પોતાના સિદ્ધાંતો માટે પણ જાણીતી છે. 'સ્કીમ' અને 'સ્કીમ સિક્સ' પછી પેલેસ્ટાઈન મુદ્દે સહ-અભિનેત્રી મેલિસા બરેરાને હટાવાતા તેણે આ હોરર ફ્રેન્ચાઈઝી સામેથી છોડી દીધી હતી. ૨૪ વર્ષની વયે ટીવી સ્ક્રીન પરથી લેવાતો આ બ્રેક કોઈ નિવૃત્તિ નથી, પરંતુ મોટા પડદા અને સ્વતંત્ર સિનેમા તરફ આગળ વધવાની તેની કલાત્મક પરિપક્વતા દર્શાવે છે..■

Hollywood CORNER

સોફિયા ફ્રેન્કલિન: પોડકાસ્ટિંગ અને ડિજિટલ સ્ટારડમ

અમેરિકન મનોરંજન જગતમાં સોફિયા ફ્રેન્કલિન પોતાની સ્પષ્ટવક્તા શૈલી, નિખાલસતા અને બોલ્ડ વ્યક્તિત્વ માટે જાણીતી છે. હોલિવુડ સ્ટાર બનવાના બદલે પોડકાસ્ટ હોસ્ટ, ડિજિટલ મીડિયા પર્સનાલિટી અને લેખિકા તરીકે તેણે મોટી સંખ્યામાં ચાહકો મેળવ્યા છે. તેનું કરીઅર સાબિત કરે છે કે મોટા પડદા સિવાય પણ વાતચીતની અનોખી શૈલી દ્વારા વૈશ્વિક સ્ટારડમ હાંસલ કરી શકાય છે. સોફિયાને ખરી લોકપ્રિયતા ૨૦૧૮માં એલેક્સ કૂપર સાથે શરૂ કરેલા પોડકાસ્ટ 'કોલ હર ડેડી'થી મળી હતી. સંબંધો અને જીવનશૈલી પરની બેધડક ચર્ચાને લીધે તે ખૂબ સફળ રહ્યો, પરંતુ ૨૦૨૦માં વ્યાવસાયિક મતભેદોને કારણે બંને અલગ થઈ ગયાં. આ મુશ્કેલીને તકમાં ફેરવી સોફિયાએ ઓક્ટોબર ૨૦૨૦માં પોતાનો સ્વતંત્ર પોડકાસ્ટ 'સોફિયા વિથ એન એફ' શરૂ કર્યો, જેમાં તેણે માનસિક સંઘર્ષ અને અંગત અનુભવોને વધુ મુક્તપણે રજૂ કર્યા.

વર્ષ ૨૦૨૬માં તેની કારકિર્દી એક મહત્વના વળાંક પર પહોંચી છે. ૧૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિમોન એન્ડ શૂસ્ટર દ્વારા તેના સંસ્મરણો 'ડેડી ઈશ્યુસ' પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યાં છે, જેમાં શો છોડ્યા પછીની સફર અને ઓળખ પુનઃ સ્થાપિત કરવાના અનુભવો આલેખાયા છે. અંગત મોરચે પણ જ્હોન મેસામોર સાથે લગ્ન કરીને સોફિયાએ જીવનનો નવો અને સંતોષકારક અધ્યાય શરૂ કર્યો છે. ■




રોનિત રોય : ટાઇગર શ્રોફ પર ગોળીબાર પછી ગાફેલ રહેવું કોઈને પોસાય એમ નથી

અભિનેતા ટાઇગર શ્રોફ પર ગોળીબારની જે ઘટના બની એ પછી તો સમગ્ર બોલીવુડ પર ભયનું લખલખું પસાર થઇ ગયું છે અને બધી જ સેલિબ્રિટીઝે પોતાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને ધારદાર બનાવવાની કાર્યવાહી શરૂ કરી દીધી. માત્ર અમિતાભ બચ્ચન, આમીર ખાન, શાહરૂખ ખાન કે સલમાન જ નહીં, પણ અક્ષયકુમારથી માંડીને અનેક કલાકારોએ તેમની સુરક્ષાને નવો આપ આપવાનો શરૂ કરી દીધો છે. અભિનેતા અને સિક્યુરિટી એક્સપર્ટ રોનિત રોયે પણ એવું જણાવી દીધું છે કે પરિસ્થિતિ એવી આકાર લઇ રહી છે, સુરક્ષા વ્યવસ્તા તો દરેક માટે આવશ્યક બની ગઇ છે. એસ સિક્યુરિટી એન્ડ પ્રોટેક્શનના અગ્રણી અને અભિનેતા રોનિત કહ્યું છે, દરેક કલાકારો તેમની સુરક્ષા વ્યવસ્થા વધારી રહ્યા છે, સુરક્ષા વ્યવસ્થાની માગમાં વધારો થઇ રહ્યો છે. અમે તો અમારા માનવબળનું કદ પણ વધારી રહ્યા છીએ. રોનિત રોયની એજન્સીએ અગાઉ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, આમિર ખાન અને અક્ષયકુમાર જેવા મોટા કલાકારોને સુરક્ષા પૂરી પાડી છે. જાન્યુઆરી, ૨૦૨૫માં મુંબઇ તેમના ઘરમાં ચાકૂ મારીને ઘાયલ કરવાનો પ્રયાસ કરાયો છે પછી અભિનેતા સૈફ અલી ખાન અને તેના પરિવારને સુરક્ષિત રાખવા માટે પણ અમારી જ એજન્સી કામ કરી રહી છે. સુરક્ષા અંગે બદલાતી ધારણા- માન્યતા અંગે રોનિત રોય કહે છે, પહેલા લોકો પ્રશ્ન કરતાં કે તેમને આવી સુરક્ષાની કેમ જરૂર છે. હવે તેઓ સમજે છે કે આપણે શું કરીએ છીએ અને તે શા માટે મહત્વનું છે. આ સાથે જ રોનિત ઉમેરે છે કે અરે, જનરેશન ઝેડના કલાકારોને પણ વધુ સુરક્ષા પૂરી પાડવાની જરૂર છે. તેઓ સમજે છે કે સુરક્ષા ફક્ત તમારી બાજુમાં કોઈ સશક્ત વ્યક્તિ હોવા વિશે નથી, પણ તે મગજ- વિચાર વિશે પણ છે. આ સાથે જ રોનિત કહે છે કે પૂછપરછ (સુરક્ષા માટે) ગંભીર માંગમાં પરિણમી રહી છે. આ સાથે જ તે ઉમેરે છે કે લોકો હવે, માત્ર વિન્ડો- શોપિંગથી જ અટકી નથી જતાં જ્યારે સુરક્ષાનો ખરેખરો પ્રશ્ન ખડો થાય છે.



સ્ટાર સિક્યોરિટીનાં સમીકરણો ઘણાં બદલાયાં છે



સોશિયલ મિડીયા પર ફિલ્મસ્ટાર્સની એન્ટ્રી-એક્ઝિટની રીલ્સ જુઓ તો પડછંદ બોડીગાર્ડસના ઘેરામાં સ્ટારને જોવા આંખો ઝીણી કરવી પડે. આટઆટલી સુરક્ષા રાખવા છતાં બોલીવુડના મોટા સ્ટાર્સ સલામત નથી.



કનિકા કપૂરે મોડેલિંગ અને ટીવી પછી હવે બોલિવૂડમાં ચમકારો દેખાડ્યો



ટેલિવિઝનની દુનિયામાં લોકપ્રિય ધારાવાહિક 'એક દુજે કે વાસ્તે-ટુ' દ્વારા તેણે દર્શકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપડાની કારકિર્દીને એ પોતાનો આદર્શ માને છે

દુનિયા રંગ બદલતી જાયે, બીતે દિનોં કી રાતેં...

સિને મેજિક
અજિત પોપટ

૧૯ શેખર નામનો યુવાન પોતાના દોસ્તની બહેન લક્ષ્મીનાં લગ્ન માણવા જાય છે. યોગાનુયોગે લક્ષ્મીના ભાવિ પતિ મોહનને કોઇ ગુનાસર પોલીસ લગ્નમંડપમાંથી લઇ જાય છે. હાજર રહેલા લોકો લક્ષ્મીની દયા ખાતાં ચર્ચા કરે છેઃ અરેરે, હવે આ બિચારીનો હાથ કોણ પકડશે? શેખર મિત્રની બહેનને અપનાવે છે. બંનેનું લગ્નજીવન સુખી છે. લક્ષ્મીને સારા દિવસો જાય છે ત્યારે મોહન જેલમાંથી છૂટીને આવે છે. એને પોતાની દુર્દશા માટે શેખર જવાબદાર હોય એવું લાગ્યું હોય છે એટલે લક્ષ્મી સુતી છે એ બેડરૂમમાં સરકી જાય છે. શેખર એને બહાર આવતો જુએ છે. શેખરને પત્ની પર શંકા જાગે છે એટલે ગર્ભવતી પત્નીને કાઢી મૂકે છે. પેલી ટ્વીન્સને પત્નીને જન્મ આપે છે. એ ટ્વીન્સ એક બાબો અને એક બેબી માતાપિતાને ફરી ભેગાં કરવાની યોજના ઘડી કાઢે છે. બધાં ફરી મળે છે. ખાધું પીધું ને રાજ કર્યું. નાનાં બાળકો આવું શી રીતે કરી શકે એવા અઘરા સવાલો નહીં પૂછવાના. વફાદાર ગર્ભવતી પત્ની પર શંકા કરીને શેખરે પૂરતી તપાસ કર્યા વિના એને શા માટે કાઢી મૂકી એવું પણ નહીં પૂછવાનું.

૧૯૭૬ની આસપાસ દક્ષિણ ભારતના પ્રતિષ્ઠિત બેનર એવીએમ દ્વારા 'જીવન જ્યોતિ' નામની ફિલ્મ રજૂ થઇ હતી. મૂળ તો ૧૯૭૫માં રજૂ થયેલી એવીએમની હિટ તેલુગુ ફિલ્મ 'મુથ્યાલા મુગ્ગુ'નું આ હિન્દી રૂપાંતર હતું. એનું વિતરણ રાજશ્રી જેવી માતબર સંસ્થાએ કરેલું. કથામાં લોજિકનો અભાવ હતો છતાં ફિલ્મ હિટ નીવડી હતી. આ ફિલ્મનો હીરો હતો વિજય અરોરા જેને તમે 'યાદોં કી બારાત' (ચુરા લિયા હૈ તુમને જો દિલ કો યાદ કરો) અને રામાનંદ સાગરની મેગા સિરિયલ રામાયણમાં મેઘનાદના રોલમાં જોયો હશે. ૨૦૦૭માં એનું અવસાન થયું. હીરોઇન હતી બિંદિયા ગોસ્વામી. મૂળ રાજસ્થાનની આ યુવતીને હેમા માલિનીની માતાએ શોધી હોવાના અહેવાલો હતા. એનાં પહેલા લગ્ન સહકલાકાર વિનોદ મહેરા સાથે થયેલા જે ચાર વર્ષ પછી છૂટાછેડામાં પરિણમ્યા. બીજાં લગ્ન ફિલ્મ સર્જક જે. પી. દત્તા સાથે થયાં. બિંદિયાએ અભિનય છોડી દીધો અને હાલ ઐશ્વર્યા રાય બચ્ચન, કરીના કપૂર અને રાની મુખરજી-ચોપરા જેવી અભિનેત્રીઓ માટે કોસ્ચ્યુમ ડિઝાઇનર તરીકે કામ કરે છે. ફિલ્મનો નેગેટિવ રોલ સુધીરે કરેલો.

આ ફિલ્મમાં આનંદ બક્ષીનાં ગીતોને સલિલ ચૌધરીએ સ્વરાંકિત કર્યાં હતાં. સાત ગીતો હતાં. એમાંનાં બે-ત્રણ ગીતો ખાસ્સાં લોકપ્રિય થયાં હતાં. જોકે આજની પેઢીના ફિલ્મ રસિયાઓને કદાચ બહુ રસપ્રદ ન પણ લાગે. અહીં કેટલાંક ગીતોનો આસ્વાદ આપણે લઈએ. એક અભિપ્રાય એવો પણ હતો કે મૂળ તેલુગુ ફિલ્મનાં ગીતોનો ભાવાર્થ ઝડપીને હિન્દી ગીતો તૈયાર કરાવ્યાં હોત તો સારું થાત. બોક્સ ઑફિસ પર ફિલ્મ હિટ નીવડી એટલે આવી બધી વાતો ભૂલાઇ ગઇ.



'દુનિયા રંગ બદલતી જાયે...' ગીતના શબ્દો સંવેદનની દ્રષ્ટિએ નબળા હોવા છતાં જીવન જ્યોતિ ફિલ્મ રજૂ થઇ એ દિવસોમાં આ ગીત ગૂંજ્યું હતું. ક્લાસિકલ મ્યુઝિકના કલાકારો જે રાગમાં ઠુમરી જેવાં ગીતો ગાય છે, એ રાગ પીલુ અને કર્ણાટક સંગીતમાંથી ઉત્તરમાં આવેલા રાગ કલાવતી - એ બે રાગનો અહીં સમન્વય કરવામાં આવ્યો છે.

લતાના કંઠે ગવાયેલું ગીત 'જિસ દ્વારે પે ઘર કી બહુ રંગોલી સજાતી હૈં, ઉસ દ્વારે ઘર કે અંદર લક્ષ્મી આતી હૈ, ધન મિલે સુખ મિલે, પિયા કે પ્રેમ સે ગોરી કા મન ખિલે...' આ ગીત જૂના જમાનાના વિચારોની યાદ તાજી કરાવે એવું હતું. ઉપશાસ્ત્રીય સંગીતમાં વધુ વપરાતા રાગ ખમાજ અને પહાડીના સમન્વયથી સલિલ ચૌધરીએ આ ગીતને સજાવ્યું હતું.

લતાજીના કંઠે ઔર એક ગીત થોડાક કરુણ સ્વરોથી સજેલું હતું. શેખર ગર્ભવતી પત્નીને કાઢી મૂકે છે ત્યારબાદ આ ગીત રજૂ થયેલું. 'દુનિયા રંગ બદલતી જાયે, બીતે દિનોં કી રાતેં, બિછડે હુએ કી બાતેં, બિછડે હુઓં કો યાદ દિલાયે...' ગીતના શબ્દો સંવેદનની દ્રષ્ટિએ નબળા હોવા છતાં ફિલ્મ રજૂ થઇ એ દિવસોમાં આ ગીત ગૂંજ્યું હતું. બિનાકા ગીતમાલામાં પણ સાંભળવા મળેલું. આ ગીતમાં સલિલદાએ અત્યંત મધુર એવા બે રાગોનો ખૂબીપૂર્વક ઉપયોગ કર્યો હતો. ક્લાસિકલ મ્યુઝિકના કલાકારો જે રાગમાં ઠુમરી જેવાં ગીતો ગાય છે એ રાગ પીલુ અને કર્ણાટક સંગીતમાંથી ઉત્તરમા આવેલા રાગ કલાવતી એ બે રાગનો અહીં સમન્વય કરવામાં આવેલો.

અંગત રીતે આ લખનારને ગમેલું ગીત કિશોરકુમારે ગાયું હતું. કન્યા વિદાયનું આ ગીત હતું. મોજિલા અને મસ્તીસભર ગીતો કિશોરકુમારે જેટલી આસાનીથી ગાયાં છે એટલી જ સરળતાથી કેટલાંક કરુણ ગીતોને પણ કંઠ આપ્યો છે. અહીં કન્યા વિદાયનું ગીત કિશોરકુમારે જમાવ્યું છે- 'મૌજોં કી ડોલી ચલી રે, ચલી પરદેશ ચલી રે, બગીયા સે બાબુલ કી તોડ કે પિયા લે ચલા પ્રેમકલી રે...' છ માત્રાના દાદરા તાલમાં કિશોરકુમારે આ ગીતના શબ્દોને જીવંત કર્યા છે. રેડિયો પર આ ગીત ઘણીવાર રજૂ થયેલું અને વિવિધભારતી પર એની બહુ ફરમાયેશ થતી.

પરદા પર બાળ કલાકારો રાજુ શ્રેષ્ઠા અને બેબી મુનમુન પર ફિલ્માવાયેલું ગીત આશા ભોંસલે અને ઉષા મંગેશકરના કંઠમાં છે. માતાપિતાને ફરી એક કરવાના પ્રયાસ રૂપે બાળકો એક ગીત દ્વારા ભૂલાયેલી વાતો યાદ કરાવે છે એ ગીતના શબ્દો આ રહ્યા- 'સુનો સુનાતે હૈં તુમ કો હમ એક દુઃખભરી કહાની, મન તડપે કહતે સુનતે, આખોં સે બરસે પાની, રાવણને કિયા સીયા હરણ તો રામ ને ફૂંકી લંકા, મીટા ન પાયે રઘુવર રે, દેખો અપને મન કી શંકા, અપને મન કી શંકા, ઈન્સાનોં કી બાત હૈ ક્યા, ભગવાન ને ખાયા ધોખા, લોગોં કી બાતેં સુનકર બીબી પર દોષ લગાયા...' પરદા પર આ ગીત આવે ત્યારે મહિલા દર્શકોની આંખો વહેતી.

અન્ય બે ગીતો ફિલ્મ રજૂ થઇ એના થોડા સમય બાદ કાળક્રમે વિસરાઇ ગયાં. ફિલ્મ હિટ નીવડી એટલી પત્યું. બાકી બધી વાતો આપોઆપ ભૂલાઇ જાય. છેલ્લા થોડા શુક્રવારથી આપણે સલિલ ચૌધરીનાં સર્જનનો આ આસ્વાદ માણતા હતા. સલિલદાએ કુલ ૭૫ હિન્દી ફિલ્મોમાં સંગીત પીરસેલું અને લગભગ બધી ફિલ્મોનું સંગીત વખણાયું, પંકાયું હતું. ■

TV TALK

અર્જુન-નેહાની મસ્તીભરી નોંકઝોંક



રીઆલિટી શો 'ધમાલ વિથ પતિ પત્ની ઔર પંગા-જોડિયોં કા રીઆલિટી ચેક'માં ખૂબસુરત યુગલ અર્જુન બિજલાની અને નેહા સ્વામી દર્શકોને પેટ પકડીને હસાવી રહ્યાં છે. અર્જુન બિજલાની તેની પત્નીને બહુ સતાવે છે. તેનું વર્તન બિલકુલ સાસુ જેવું હોય છે. તે નેહાને વાત વાતમાં મહેણાં-ટોણાં મારતો રહે છે. જોકે નેહા પણ ગાંજી જાય એવી નથી. તે માથું નીચે રાખીને સઘળી સતામણી ચૂપચાપ સહન કરી લે એવી વહુ નથી. તે પણ અર્જુનને જડબાતોડ જવાબ આપે છે. નેહા કહે છે કે મારો અને અર્જુનનો સંબંધ સાસુ-વહુ જેવો છે. અમારા વિવાહને ૧૩ વર્ષ થઈ ગયા. અને અમે હમેશાં એકમેક સાથે લડતાં-ઝગડતાં અને મજાક-મસ્તી કરતાં રહીએ છીએ. અર્જુન મને સાસુની સ્ટાઈલમાં હમેશાં ટોણાં મારતો રહે છે. અને હું તેને સામે એવો જ જવાબ પણ આપું છું. મહત્વની વાત એ છે કે અમે કાયમ આવી રીતે જ રહીએ છીએ, તોય કોઈ કોઈની વાતે માઠું નથી લગાડતું. અમારી વચ્ચે સમજદારીનો સેતૂ એટલો મજબૂત છે કે અમે એકમેકની દરેક વાતને તદ્દન હળવાશથી લેતાં રહીએ છીએ. અમારી મીઠી તૂંતૂં-મૈંમૈંને પગલે અમારા સંબંધોમાં ક્યારેય કડવાશ નથી આવી. ખરું કહું તો અમે આ રીતે જ પરસ્પર પ્રેમ વ્યક્ત કરીએ છીએ.

મેરી કોમની વ્યથા



ભારતની બોક્સિંગ ચેમ્પિયન મેરી કોમે વિવાદાસ્પદ રીઆલિટી શો 'બિગ બોસ-૨૦'માં ભાગ લીધો હતો. પરંતુ શોના અંત સુધી તે 'બિગ બોસ'ના ઘરમાં ટકી ન શકી. 'બિગ બોસ'ના ઘરમાંથી બહાર આવ્યા પછી ઘણાં લોકો તેના જીવનમાં નવો પ્રેમ આવશે તો તે તેને સ્વીકારશે કે કેમ એ જાણવા માગતા હતા. અને બોક્સર 'બિગ બોસ'ની સ્પર્ધકે તેનો જવાબ પણ આપ્યો હતો. જોકે તેણે પોતાની બાયોપિક પરથી બનાવવામાં આવેલી ફિલ્મ 'મેરી કોમ' (૨૦૧૪) બાબતે નિરાશા પણ વ્યક્ત કરી હતી. કહેવાની જરૂર નથી કે આ સિનેમામાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ મેરી કોમની ભૂમિકા ભજવી હતી. અલબત્ત, આ ફિલ્મ આવ્યા પછી દેશના બહોળા વર્ગે મેરી કોમનો ખેલાડી તરીકેનો બેહિસાબ સંઘર્ષ જોયો. પરંતુ બોક્સર કહે છે કે ફિલ્મમાં જે બતાવવામાં આવ્યું હતું તે તેણે કરેલા સંઘર્ષનો ૧૦મો ભાગ પણ માંડ હતો. વળી તેના જીવનના ઘણાં પાસાં બદલી નાખવામાં આવ્યાં હતાં, જ્યારે કેટલાંકને અવગણવામાં આવ્યાં હતાં. તેણે વધુમાં કહ્યું હતું કે તેની આ બાયોપિકની સિકવલ ન બનવી જોઈએ. તેણે ઉમેર્યું હતું કે જેમને તેણે વેઠેલી મુશ્કેલીઓ અને આપેલા ભોગ વિશે ખરેખર જાણવું હોય તેમને તેની જીવની 'અનબ્રેકેબલ' વાંચવી જોઈએ. મેરી કોમે પોતાના ખુશહાલ ભવિષ્યની કામના કરવા સાથે કહ્યું હતું, અનેક લોકો જાણવા માગે છે કે મારા જીવનમાં નવા પ્રેમ માટે જગ્યા છે કે કેમ. હું તેનો જવાબ માત્ર એક જ વાક્યમાં આપવા ઇચ્છું છું કે ભવિષ્યમાં જો એવું કાંઈ બનશે તો હું તે વખતે જ તેનો નિર્ણય લઈશ.

અશનૂર કૌરને સિંગલ હોવાની ખુશી

અભિનેત્રી અશનૂર કૌર સિંગલ છે. અને આ વાતનો તેને કોઈ વસવસો નથી. અભિનેત્રી કહે છે કે હું સિંગલ છું, અને મને કોઈના પ્રેમમાં પડવાની જરાય ઉતાવળ નથી. હમણાં મારું સઘળું ધ્યાન મારા કામ પર છે. જોકે તે દિલના કમાડ વાસીને નથી બેઠી. અભિનેત્રી માને છે કે તેના જીવનમાં સાચી વ્યક્તિ આવશે તો તેનું જીવન હળવું બનશે, તે તેને ચિંતિત નહીં કરે. અદાકારા કહે છે કે મને એકલા હોવાનો કોઈ રંજ નથી. હું પ્રેમમાં પડવાનો ઈનકાર પણ નથી કરી રહી. હમણાં મારી પાસે ઘણું કામ છે. અને જ્યારે મારા જીવનમાં યોગ્ય વ્યક્તિ પ્રવેશસે ત્યારે તે મારી ચિંતા વધારશે નહીં, બલ્કે મને ખુશી આપશે. તમારા જીવનમાં આવેલા સાચા-સારા લોકો તમારી જિંદગીને હળવી-સરળ બનાવી દે છે.

અશનૂરમાં ધૈર્ય ઠાંસી ઠાંસીને ભરેલું છે. જેમ તે રોમાંસ કરવામાં ઉતાવળી થવા નથી માગતી તેવી જ રીતે તે સોશ્યલ મીડિયા પર પણ કોઈપણ પોસ્ટ મૂકવા પાછળ ઘેલી નથી થતી. અશનૂર કહે છે કે મારા પ્રશંસકો સાથે જોડાવા માટે સોશ્યલ મીડિયા શ્રેષ્ઠ માધ્યમ છે. દર્શકોએ મારા દરેક પ્રોજેક્ટને ભરપૂર પ્રેમ આપ્યો છે. આમ છતાં હું મારી સઘળી અંગત વાતો આ પ્લેટફોર્મ પર મૂકવાના પક્ષમાં નથી. સોશ્યલ મીડિયા પર જેમ પ્રશંસકોનો તોટો નથી તેમ ટ્રોલરોની પણ કમી નથી. કેટલાંક લોકો તમારી નાની-મોટી, પ્રત્યેક વાતની વગોવણી કરીને તમારા દિલોદિમાગમાં નકારાત્મકતા પેદા કરે છે. તો પછી સામે ચાલીને નેગેટિવિટીને આમંત્રણ શાને આપવું? મોટાભાગે તો હું મારી બધી વાતો સોશ્યલ મીડિયા પર મૂકતી જ નથી. આમ છતાં કોઈ પોસ્ટ પર મારી બદબોઈ થાય તો ટ્રોલરોને જવાબ આપવાને બદલે તેમની અવગણના કરવાનું પસંદ કરું છું. હું મારી અભિનય કારકિર્દીથી ખુશ છું અને ખુશ રહેવા માગું છું.



સનસનાટી ફેલાવતા મિડીયા પર અનિતા કંવલ સખ્ત નારાજ

જાણીતી ટીવી એક્ટ્રેસ અનિતા કંવલ સનસનાટી ફેલાવતાં મીડિયા સાથે સખત નારાજ છે. વાત જાણે એમ છે કે તાજેતરમાં એવા સમાચાર વહેતા કરવામાં આવ્યા કે અનિતા નાણાંભીડનો સામનો કરી રહી છે. આ સમાચારની જાણ થતા જ અનિતાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેણે આ અફવાના જવાબમાં એક વીડિયો મેસેજ મૂકતાં કહ્યું હતું કે મેં છ મહિના પહેલા આપેલા એક ઈન્ટરવ્યુમાં કહેલી વાતને સનસનાટી મચી જાય એ રીતે રજૂ કરવામાં આવી છે. આ ન્યુઝ વાંચતાં એવું લાગે છે જાણે હું લોકો પાસેથી નાણાંકીય મદદ માગી રહી છું. આ રિપોર્ટ વાંચીને હું ભીતરથી હચમચી ગઈ છું, મારી ઊંઘ ઉડી ગઈ છે. કેટલીક ન્યુઝ ચેનલોએ મારા વિશે એવી વાતો વહેતી કરી છે કે મારા રૂવે રૂવે આગ લાગી ગઈ છે. છ મહિના પહેલાં મેં આપેલા એક ઈન્ટરવ્યુમાં મને એમ પૂછવામાં આવ્યું હતું કે જો હું કમાણી ન કરી શકું, મને કામ ન મળે તો હું કેટલા વખત સુધી ટકી શકું ? આના જવાબમાં મેં કહ્યું હતું કે એકથી દોઢ વર્ષ સુધી હું મારા બધા ખર્ચા કાઢી શકું. પરંતુ તેમણે મારો જવાબ એવી રીતે રજૂ કર્યો, જાણે હું લોકો પાસેથી નાણાંકીય મદદ માગી રહી છું. તેણે વધુમાં કહ્યું હતું કે જ્યારે અમિતાભ બચ્ચન નાણાંભીડમાં હતા અને યશ ચોપડાની મુલાકાત લઈને કહ્યું હતું કે તેમની પાસે કોઇ કામ નથી, તેઓ નાણાંકીય સંકટમાં છે. શું તે વખતે કોઇએ તેમના વિશે આવી વાતો ફેલાવી હતી ? જ્યારે હમણાં બધા એમ કહી રહ્યાં છે કે અભિનેત્રીઓ આવી જ હોય છે.



'મારી વાતને સનસનાટીભર્યા સમાચાર તરીકે રજૂ કરવામાં આવી છે. હકીકતમાં હું નાણાંભીડમાં નથી. ખરેખર તો હું મારું ભાવિ સુરક્ષિત કરી રહી છું, આર્થિક રીતે હું મારા સંતાનો પર પણ આધાર રાખવા નથી માગતી.'

અનિતાએ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે હું એક પૈસા પાત્ર અને સન્માનજનક પરિવારમાંથી આવું છું. હા મેં કેટલીક ખોટી જગ્યાઓએ રોકાણ કર્યું હતું. પરંતુ તેને કારણે હું ભાંગી નથી પડી, હું આજે પણ પૈસા રળવા સક્ષમ છું. હજી સુધી મારામાં એટલી શક્તિ છે કે હું આગામી દસ વર્ષ સુધીનું નાણાંકીય વ્યવસ્થાપન કરી શકું છું.

અદાકારાએ ઉમેર્યું હતું કે છ મહિના પહેલા મારી પાસે કામ નહોતું એટલે મેં ઈન્ટાગ્રામ પર રીલ્સ મૂકવાનું શરૂ કર્યું. ત્યાર પછી મને એક ફિલ્મ મળી. આજે મને ઈન્સ્ટાગ્રામ માટે કોલેબોરેશન મળી રહ્યું છે તેથી હું બહું ખુશ છું.

અદાકારાએ પોતે કરેલા કામ વિશે કહે છે કે ઈન્સ્ટાગ્રામ માટે મેં સ્વયં એક માઈક્રો-ડ્રામા રીલ સીરિઝ બનાવી છે. જેમણે મારા માટે ખોટેખોટી અફવાઓ ફેલાવી તે મારા આ કામ વિશે વાત કેમ નથી કરતાં, આપણાં દેશમાં મેં પહેલી વખત કોઇપણ ચેલન કે ઓટીટીના સહકાર વિના મેં પચીસ એપિસોડનું રીલ-ડ્રામા બનાવ્યું છે.

અદાકારાએ ક્રોધથી લાલ થતાં કહ્યું હતું કે મારી વાતને સનસનાટીભર્યા સમાચાર તરીકે રજૂ કરવામાં આવી છે. હકીકતમાં હું નાણાંભીડમાં નથી. ખરેખર તો હું મારું ભાવિ સુરક્ષિત કરી રહી છું, આર્થિક રીતે હું મારા સંતાનો પર પણ આધાર રાખવા નથી માગતી. ઉમંરના આ પડાવ પર મને આ રીતે બદનામ કરવી અશોભનીય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અનિતા કંવલ દશકોથી ટીવીનો જાણીતો ચહેરો રહી છે. તેણે 'ચાણક્ય', 'શાંતિ', 'બનેગી અપની બાત', 'સોનપરી' અને 'સસુરાલ ગેંદા ફૂલ' જેવી સંખ્યાબંધ ધારાવાહિકોમાં કામ કર્યું છે. તેણે શાહરુખ ખાન સાથે 'કભી હાં કભી ના' અને અજય દેવગણની 'ગંગાજલ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તેના સિવાય અભિનેત્રીએ 'લાવારિસ', 'મુજ સે દોસ્તી કરોગે' અને 'ના તુમ જાનો ના હમ'માં પણ કામ કર્યું છે. ■



રશ્મિ દેસાઈ : મમ્મીની ભૂમિકા ન ભજવી શકું એટલી નાની નથી

આઠ વર્ષના અંતરાલ પછી અભિનેત્રી રશ્મિ દેસાઈ ફિક્શન શો 'સયોની'થી ટીવી પર પરત ફરી છે. આ ધારાવાહિકમાં તે યુવાન સંતાનોની માતાનો રોલ ભજવી રહી હોવાથી ઘણાંને આશ્ચર્ય થયું હતું. અદાકારાને પૂછવામાં પણ આવ્યું હતું કે યુવાન વયમાં તે જુવાનજોધ સંતાનોની માતાનું પાત્ર શા માટે ભજવી રહી છે? આના જવાબમાં રશ્મિએ કહ્યું હતું કે હું યુવાન છું, પરંતુ એટલી નાની નથી કે આ પ્રકારની ભૂમિકા ભજવવાની આનાકાની કરું. 'સયોની'નું શૂટિંગ ચંદીગઢમાં ચાલી રહ્યું છે, તેથી રશ્મિ હાલના તબક્કે ત્યાં જ રહે છે. અદાકારાને તેની સામે કોઈ વાંધો પણ નથી. તે કહે છે કે સીરિયલ સર્જકોએ મારા માટે આરામદાયક રહેઠાણની જોગવાઈ કરી છે. અહીં મને કોઈ પ્રકારની તકલીફ નથી. હા, મને મારા પરિવારથી દૂર રહેવું પડી રહ્યું છે. પરંતુ તેઓ અવારનવાર મને મળવા અહીં આવે છે.

છેલ્લા કેટલાક સમયમાં રશ્મિની કાયા પુષ્ટ થઈ હોવાથી તે ખાસ્સી માંસલ દેખાઈ રહી છે. અને મનોરંજન જગતમાં અભિનેત્રીઓના દેહ પર જરાસરખી ચરબી ચડે તોય લોકો તેને ઉતારી પાડે. રશ્મિ પણ તેમાંથી બાકાત નથી. અભિનેત્રી કહે છે કે ઓડિશન દરમિયાન મને મોટાભાગે એમ જ કહેવાતું કે હું સ્થૂળકાય છું, અભિનય કળાને માંજવા તરફ જ ધ્યાન આપ્યું. એ વાત સર્વવિદિત છે કે રશ્મિએ તેના 'ઉતરન'ના સહકલાકાર નંદિશ સંધુ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં.

'હું મારા ભૂતકાળની ભૂલોમાંથી શીખી છું. હું મારી ભૂલોને મનમાં ભરી નથી રાખતી કે તેના રંજ હેઠળ મારા વર્તમાનને કચડાવા પણ દેતી નથી. જે-તે વખતે મને જે યોગ્ય લાગ્યું તે મેં કર્યું, તેનાં પરિણામો પણ ભોગવ્યાં...'

અને જે તે કિરદારમાં બંધ નહીં બેસું. સોશ્યલ મીડિયા પર પણ મારા માંસલ દેહની ઠેકડી ઉડાડવામાં આવતી. પરંતુ મેં આ મુદ્દે કોઈને દાદ ન આપી. હું મારું ચિત્ત નકારાત્મક દિશામાં વાળવા નહોતી માગતી એટલે મેં આવી એકેય કમેન્ટનો ઉત્તર નથી વાળ્યો. નાહકની ઊપાધિને મન-મગજમાં સ્થાન આપવા કરતાં મેં મારી પરંતુ તેમનું વિવાહિત જીવન અલ્પજીવી નિવડ્યું. વર્ષ ૨૦૧૬માં તેમણે છૂટાછેડા લઈ લીધાં. રશ્મિ આ બાબતે કહે છે કે હું મારી ભૂતકાળની ભૂલોમાંથી શીખી છું. જોકે હું મારી ભૂલોને મનમાં ભરી નથી રાખતી કે તેના રંજ હેઠળ મારા વર્તમાનને કચડતી પણ નથી. હું એવો વિચાર પણ નથી કરતી કે મારા અગાઉના નિર્ણયો સાચા હતાં કે ખોટા. જે તે વખતે મને જે યોગ્ય લાગ્યું તે મેં કર્યું, તેના પરિણામો પણ ભોગવ્યાં. અને જો તેને કારણે કાંઈ ખોટું થયું હોય તો ફરીથી એવી ક્ષતિ ન થાય તેની કાળજી પણ લીધી.

અભિનેત્રી વધુમાં કહે છે કે આજે પણ મને લોકો પૂછે છે કે શું તું ફરીથી લગ્ન કરવા માગે છે? હકીકતમાં મને વિવાહ કરવા છે. હમેશાં એકલા રહેવું કોને ગમે? મને પણ એક જીવનસાથીની કામના છે. મને મારો સંસાર માંડવો છે. એ વાતમાં બે મત નથી કે આધુનિક જીવનશૈલી અને વ્યાવસાયિક ટેન્શનને પગલે લોકો સંબંધો જાળવવામાં ઊણા ઉતરે છે. આમ છતાં ટેકનોલોજી અને સ્વાતંત્ર્ય માનવીય સંબંધોનું સ્થાન ન લઈ શકે. ■

રિલીઝ પહેલાં રામાયણ ફરતો ટીકાસ્ત્રોનો ઘેરો

રામાયણ જેવા ક્લાસિક મહાકાવ્ય પર અબજોના ખર્ચે કોઈ ફિલ્મ બને ત્યારે લોકો એની પોતાની રીતે આંખો જીણી કરીને છણાવટ કરવાના જ. એ સહજ માનવ સ્વભાવ છે. પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા અને ડિરેક્ટર નીતેશ તિવારીની બે ભાગમાં રિલીઝ થનારી 'રામાયણ' સાથે એ જ થઈ રહ્યું છે. પહેલો ભાગ 'રામાયણ : રાઈઝ ઓફ અ લેજન્ડ' આજે રિલીઝ થયો, પણ એની ટીકા તો ફિલ્મનું ટ્રેલર આવ્યું ત્યારથી થઈ રહી છે. સાઉથનો સુપરસ્ટાર યશ 'રામાયણ'માં રાવણના રોલમાં છે અને એ ફિલ્મનો એક કો-પ્રાડ્યુસર પણ છે. તાજેતરમાં હૈદરાબાદમાં યોજાયેલી એક ઈવેન્ટમાં યશે ઉક્ત વિષય છેડી લોકોને પાંચમી નવેંબરે રિલિઝ થનારા 'રામાયણ'ના પહેલા ભાગમાં નકામી ક્ષતિઓ ન કાઢવાની અપીલ કરતા કહ્યું, 'નમિત મલ્હોત્રાએ આ મૂવીને ગ્લોબલ પ્લેટફોર્મ પર મૂકવા પોતાની પ્રતિષ્ઠા અને મૂડી દાવ પર લગાવી છે. એટલે મહેરબાની કરીને ફિલ્મના વીએફએક્સ અને બીજી બાબતોમાં નાની નાની ક્ષતિઓ શોધવાનો પ્રયાસ ન કરો. આપણે આવા લોકોને નાસીપાસ કરીશું તો તેઓ ફરી આવી મેગ્નમ ઓપસ મૂવી નહિ બનાવે.'

સાઉથના સૌથી લોકપ્રિય ફિલ્મસ્ટાર્સ પૈકીના એક યશની હાર્દિક અપીલને પગલે નવેસરથી પ્રતિક્રિયાઓ આવી છે. દર્શકોએ નાની નાની ભૂલોને અવગણવાની એક્ટરે કરેલી વિનંતીની ટીકા કરતા કહ્યું છે કે ૪૦૦૦ કરોડના બજેટમાં બનનારી મલ્ટીસ્ટારર મૂવી પાસેથી અમે શા માટે ઓછી અપેક્ષાઓ રાખીએ. 'ભારતીય દર્શકો છેલ્લા કેટલાક વરસોથી ઓટીટી પ્લેટફોર્મસ પર વર્લ્ડ ક્લાસ સિનેમા અને વેબ શોઝ માણી રહ્યા છે. એ જોતા આ સિનેમાનું ધોરણ ઊંચે લઈ જવાનો સમય છે,' એવી કમેન્ટ એક સોશ્યલ મીડિયા યુઝરે કરી. જ્યારે બીજાએ એવી માર્મિક ટકોર કરી કે 'તમે સારુ કન્ટેન્ટ બનાવવા પાછળ તમારી શક્તિ વાપરશો તો તમારે તમારી પ્રોડક્ટ વેચવા દેશભક્તિની દુહાઈ દેવાની જરૂર નહિ પડે.'

'રામાયણ'ના મેકર્સે હમણાં દશેરા નિમિત્તે રાવણે ગાયેલું તાંડવ સોંગ રિલિઝ કર્યું તો એની પણ ટીકા થઈ. દર્શકોના એક વર્ગે ગીતની કોરિયોગ્રાફી અને યશના પરફોર્મન્સને વખાણ્યું. જ્યારે બીજા લોકોને ફિલ્મમાં એ. આર. રહેમાનનું સંગીત સાવ સાધારણ લાગ્યું. કેટલાક ભડવીરોએ તો 'રામાયણ' જેવા મહાકાવ્ય માટે રહેમાનની સંગીતકાર તરીકે પસંદગી સામે જ સવાલ ઉઠાવ્યો. એક જણે તો એવી કમેન્ટ પણ કરી કે 'હવે સિકવલમાં રહેમાનની જગ્યાએ અજય-અતુલની બેલડીને લો. તેઓ ચોક્કસપણે સારુ મ્યુઝિક આપશે.' બીજા કેટલાકે રહેમાનનો બચાવ કરી સિક્વંસની વિજ્યુઅલ્સને વખાણી.

ફિલ્મની પહેલી ઝાંખી અને ટ્રેલર રિલિઝ થયું ત્યારથી લોકોએ ફિલ્મની કોમપ્યુટર જનરેટેડ ઈમેજરી (સીજીઆઈ), કલર ગ્રેડિંગ અને પડદા પર રાક્ષસોના નિરૂપણ વિશે પ્રશ્નો કર્યા છે. રણબીર કપૂરના રામ તરીકેના કાસ્ટિંગ વિશે પણ મતમતાંતર પ્રવર્તે છે. સીતાનું પાત્ર ભજવતી સાઈ પલ્લવીને સીવેલા બ્લાઉઝ પહેરેલી જોઈને પણ કેટલાકના ભવા ચડી ગયા. એમણે રામાયણ કાળમાં આવા બ્લાઉઝ પહેરાતા હશે કે કેમ એ વિશે શંકા દર્શાવી. લગભગ દરેક પાત્રના કોસ્ચ્યુમ્સની બારીક ચકાસણી થઈ. કૈકેયીના રોલમાં લારા દત્તાનો લુક જોઈ કેટલાકને માયથોલોજિકલ ટીવી સીરિયલો યાદ આવી ગઈ. રકુલ પ્રીત સિંહને શૂર્પણખાના વેશમાં જોઈ કેટલાકે નાક ફુલાવ્યા. સોશ્યલ મીડિયા પર ટીકાનો આવો મારો ચાલ્યા બાદ રામાયણના કોસ્ચ્યુમ ડિઝાઈનર્સ રિમ્પલ અને હરપ્રીત નરુલાએ રૂપાળા અંગ્રેજી શબ્દોમાં પોતાની સ્ટાઈલિંગનો બચાવ કરવાનો પ્રયાસ કરી જોયો હતો.

આ બધુ ઓછુ હોય એમ દિલ્હીના શ્રી રામલીલા મહાસંઘે 'રામાયણ'માં કોઈ ધાર્મિક લાગણી દુભાય એવા દ્રશ્યો તો નથીને એની ખાતરી કરવા રિલિઝ પહેલા ફિલ્મનું સ્ક્રીનિંગ રાખવાની માગણી કરી છે. ૨૦૨૩માં રિલિઝ થયેલી 'આદિપુર' ફિલ્મનો વિવાદ યાદ કરીન મહાસંઘના પ્રમુખ અર્જુન કુમારે એવી ચિમકી આપી છે કે અમારી વિનંતિ નહિ સ્વીકારાય તો અમે એના વિરોધમાં ઉતરીશું.■

'અનુભવ ટેકનિકલ એક્ઝિક્યુશન શીખવી શકે છે, પણ વાર્તાને જોવાનો તદ્દન તાજો અને અનોખો દ્રષ્ટિકોણ બહારથી શીખવી શકાતો નથી. ઉદ્યોગને સતત ધબકતો રાખવા માટે નવી પેઢીને અવકાશ આપવો અનિવાર્ય છે.'



ઈશા માલવિયા: કોઈને પસંદ કરવું એ પ્રેમનું પહેલું પગથિયું છે...

અભિનેત્રી ઈશા માલવિયાએ તાજેતરમાં જ પ્રેમ અને આજના આધુનિક દિવસોની રિલેશનશિપ અંગે ખુલ્લા મને, મોકળા દિલે વાતો કરી છે, જે તેની વિચારધારાનું પ્રતિબિંબ પાડે છે. આ સાથે જ તે કેટલાં ખુલ્લાં દિલની છે, એ વાત પણ સ્પષ્ટ થાય છે. આજની પેઢીને મને પ્રેમ અને રિલેશન શિપ અંગે જે માન્યતા છે, તે ઘણી મોકળી અને સ્પષ્ટ છે. અને તેને આધુનિકતાનું 'મોર્ડન મ્હોરું' પણ લાગેલું છે. આથી પ્રસ્ન એ થાય છે કે શું આજના જુવાનિયાઓ જૂના જમાનાના પ્રેમને શું વિસરી ગયા છે? આ સંદર્ભે ઈશા માલવિયા અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહે છે, 'આધુનિક ડેટિંગના વિકસતા નિયમો અને લોકોને પ્રેમમાં પડવા દેતી કાલાતીત લાગણી વચ્ચે શૂન્યાવકાશ હોય એવું અનુભવાય છે.'

આ અભિનેત્રી જનરેશન-ઝેડનું પ્રતિનિધિત્વ કરે છે, એક એવી પેઢી જેણે બદલાતા સંબંધોની ગતિશીલતા જોઈ છે, પરંતુ વિશિષ્ટ સંદર્ભમાં વધુ જૂના જમાનાના અભિગમ સાથે ઓળખાય છે. એક મુલાકાતમાં ઈશાએ પ્રેમનો તેના માટે શું અર્થ છે તે વિશે ખુલીને વાત કરી છે અને બીજું ઘણું બધુ કહ્યું છે, જે સમજવા જેવું છે, તેણે તેની આગામી ફિલ્મ 'તુમ મેરે હો' અને સહકલાકાર ગુરમીત ચૌધરી અંગે પણ જણાવ્યું છે.

ઈશા માને છે કે જ્યારે જેન-ઝી સંબંધોને અલગ રીતે જુએ છે ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રેમ એક સાર્વત્રિક લાગણી છે. 'જેન-ઝીમાં પણ વિવિધતાઓ છે. તેમની પણ ભિન્ન કેટેગરી છે. મારે ખૂબ જ પ્રામાણિકપણે કહેવું છે. મારો જન્મ ૨૦૦૦ પછી થયો છે, પરંતુ જ્યારે પ્રેમની વાત આવે છે ત્યારે મારું વર્તન જૂનવાણી થઇ જાય છે. મારા જેવી ઘણી છોકરીઓ અને છોકરાઓ છે જેઓ હજુ પણ તેમની અંદર પ્રેમની ભાવના ધરાવે છે. પછી એવા લોકોનો એક સમૂહ છે જે બદલાતી દુનિયા અને બદલાતી પેઢીઓ સાથે અનુકૂલન સાધી રહેતા છે,' એમ તેણે શેર કર્યું.

'આધુનિક ડેટિંગ અને લોકોને પ્રેમની અસલી લાગણી વચ્ચે શૂન્યાવકાશ હોય એવું અનુભવાય છે. પ્રેમની વાત આવે ત્યારે મારો એટિટ્યુડ જૂનવાણી બની જાય છે...'

આ સાથે ઈશાએ ઉમેર્યું, 'તેના પર તેનું બહું ઓછું નિયંત્રણ છે અને તેઓ ફક્ત પ્રવાહ સાથે આગળ વધે છે. તેઓ એક શહેરથી બીજા શહેરમાં ફરતા રહે છે તેઓ પોતાને ગમતાં લોકોને ગમે છે. પરિસ્થિતિમાં પ્રવેશ કરે છે. અને વસ્તુઓ ને -બાબતોને ઉજાગર થવા દે છે. પરંતુ ભલે આ બે અળગ લોકોનો સમૂહ હોય, તેમના એક વસતું સમાન છે અને તેને તમે ટાળી પણ શકતા નથી. ભલે તમે ઈચ્છો છો તો પણ બધુ પ્રેમથી શરૂ થાય છે તમે કોઈને પસંદ કરવાનું શરૂ કરો છો અને અંતે, તમે પ્રેમમાં પડો છો. તેથી કોઈને પસંદ કરવું પણ પ્રેમનું એક સ્વરૂપ છે.

પોતાની આગામી ફિલ્મ માટે ઈશા કહે છે, 'મને લાગે છે કે આ બાબત જ અમારી ફિલ્મની મજબૂત પાસાંમાંનો એક છે. અને તમે ખાતરી કરી શકો છો કે આ લાગણી 'તુમ મેરે હો'નું મુખ્ય આકર્ષણ છે આ ફિલ્મ તે તીવ્રતા અને તે પ્રેમ વિશે છે,' એમ ઈશાએ ઉમેર્યું હતું અને જણાવ્યું હતું કે 'મારો સહકલાકાર ગુરમિત ચૌધરી એક અદ્ભુત અભિનેત્રી છે અને સારો સહકલાકાર છે.'■



અભિનેતા યશ પહેલા આ કલાકારોએ રાવણની ભૂમિકા ભજવી હતી

નિતેશ તિવારીની રામાયણ ફિલ્મ હાલ ચર્ચામાં છે. જેમાં સાઉથના અભિનેતા યશ રાવણની ભૂમિકામાં જોવા મળશે. રસપ્રદ છે કે, ભૂતકાળમાં ટેલિવિઝન અને રૂપેરી પડદે ઘણા પીઢ અભિનેતાઓએ લંકાપતિ રાવણની ભૂમિકા ભજવી હતી.

ટેલિવિઝન પર રાવણની ભૂમિકા ભજવનાર કલાકારો

અરવિંદ ત્રિવેદી

રામાનંદ સાગરની ઐતિહાસિક રામાયમમાં ૧૯૮૭માં અરવિંદ ત્રિવેદીએ રાવણની ભૂમિકા ભજવી હતી જેને આજેય લોકો યાદ કરે છે.

કાર્તિક જયરામ

૨૦૧૫માં સિયા કે રામ સીરિયલમાં કન્નડ અભિનેતા કાર્તિક જયરામે રાવણનો રોલ કર્યો હતો.



અખિલેન્દ્ર મિશ્રા

૨૦૦૮માં સાગરઆર્ટસ દ્વારાબીજી રામાયણ સીરિયલ બનાવવામાં આવી હતી જેમાં ગુરુમીત ચૌધરી રામ અને અખિલેન્દ્ર મિશ્રાએ રાવણની ભૂમિકા ભજવી હતી.

તરુણ ખન્ના

પ્રસિદ્ધ ધાર્મિક શો દેવો કા દેવ...મહાદેવમાં તરુણ ખન્નાએ દશાનનો શાનદાર રોલ કર્યો હતો.

નિકિતિન ધીર



શ્રીમદ રામાયણમાં નિકિતિન ધીર રાવણની ભૂમિકામાં જોવા મળ્યો.

પુનિત ઈસ્સર

પુનિત ઈસ્સરે લવ કુશ અને મચ પર રાવણ કી રામાયણમાં લેકેશનો અંહકાર અને રૂઆબદાર રૂપ દેખાડ્યું હતું.

શાલીન બારોટ

શાલીન બારોટે ૨૦૧૯ની ટેલિવિઝન સીરીઝ રામ સિયા કે લવ કુશમાં રાવણની ભૂમિકા ભજવી હતી.



ઓમ પુરી

શ્યામ બેનેગલની ક્લાસિક 'ભારત એક ખોજ' ના રામાયણ એપિસોડમાં ઓમપુરીએ રાવણનો રોલ કર્યો હતો.

ફિલ્મોમાં ચર્ચિત રાવણ

સૈફ અલી ખાન

૨૦૨૩ની આદિપુરુષ ફિલ્મમાં સૈફ અલી ખાને રાવણની ભૂમિકા કરી હતી. જે પોતાના આધુનિક લુક અને વીએફએક્સના કારણે ચર્ચા અને વિવાદમાં રહી હતી.

પ્રેમનાથ

૧૯૭૯ની મશહૂર ફિલ્મ બજંગબલીમાં પ્રેમનાથે રાવણનો યાદગાર રોલ કર્યો હતો. આ ઉપરાંત દક્ષિણ ભારતના કલાકારો ડો. રાજકુમારે ,ભૂકૈલાસા અને એન.ટી.રામા રાવે તેલુગુ -કન્નડ ફિલ્મોમાં રાવણના રોલ ભજવ્યા.■

શાલિની પાસ્સી : આર્યનને કેમેરા સામે આવવું પસંદ નથી



'આટલી યુવાન વયે એણે કેટલો સરસ શો લખ્યો. સિરીઝમાં આર્યને પોતાના ટિપીકલ હ્યુમર અને ટ્વિસ્ટ મુક્યા છે.'

નવી દિલ્હીના બિજનેસ અને સોશ્યલ સર્કલમાં શાલિની પાસ્સી એક જાણીતું નામ છે. મુંબઈના પરમેશ્વર ગોદરેજની જેમ તેઓ દિલ્હીના ફેમસ સોશ્યલાઈટ છે. પાસ્કો ગ્રુપના ચેરમેન સંજય પાસ્સીને પરણેલા શાલિની એક બહુવિધ વ્યક્તિત્વ ધરાવે છે. ૨૦૦૦થી ૩૦૦૦ કરોડની ફેમિલી નેટવર્થ ધરાવતા મિસીસ પાસ્સી આર્ટ કલેક્ટર છે, આર્ટિસ્ટ છે, ટીવી પર્સનાલિટી છે, સ્ટાઈલ આયકન છે અને પોતાની સખાવતી પ્રવૃત્તિઓ માટે પણ જાણીતા છે. મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેઓ ચર્ચાસ્પદ ટીવી શો 'ફેબ્યુલસ વાઈવ્સ વર્સિસ બોલિવુડ વાઈવ્સ'ના પ્રણેતા તરીકે ઓળખાય છે.

દિલ્હીની એક મોટી હસ્તી હોવાને કારણે શાલિનીને શાહરુખ ખાન અને એના પરિવાર સાથે ઘર જેવા સંબંધો છે. તાજેતરમાં એક ઈવેન્ટ સંદર્ભમાં મુંબઈ આવેલા લેખિકાએ પસંદગીના મિડીયા સાથે થોડી અનોપચારિક વાતચીત કરી. સૌપ્રથમ કિંગ ખાન વિશે વાત કરતા શાલિની કહે છે, 'મારી સગાઈ થઈ ત્યારે હું ખાન ફેમિલીને ઓળખતી થઈ. શાહરુખને પોતાની અભિનય કળા બહુ ગમે છે અને સિનેમા વિશે મેં એના જેટલું પેશન બીજી કોઈ વ્યક્તિમાં જોયું નથી. એને વાચનનો બહુ શોખ છે અને કોઈ પણ વાત એ બહુ ઝડપથી શીખી જાય છે. આજે તમે એને કોઈ વાત કરો તો બીજા દિવસે એ ટોપિક વિશે એસઆરકે ઘણું બધુ જાણી લાવે. એ એક ફ્રેન્ડ તરીકે ખરેખર ગ્રેટ છે. એની સાથે કામ કરનાર દરેક વ્યક્તિ એનાથી અંજાઈ જાય છે.'

'આર્યનને મેં મોટો થતો જોયો છે અને હવે એને સેટ પર ડિરેક્ટર તરીકે જોઈને બહુ આનંદ થાય છે. એ પોતાના કામમાં પુરેપુરો ખૂંપેલો રહે છે...'

આર્યન ખાન નાનો બાળક હતો ત્યારથી પાસ્સી એને ઓળખે છે. આર્યનની વેબ સિરીઝ 'બેડ્સ ઓફ બોલિવુડ'માં એમણે કામ પણ કર્યું છે. આર્યને વેબ શો માટે શાલિની પાસે એક સોંગ પણ ગવડાવ્યું હતું પરંતુ એડીટિંગમાં એ સોંગ પર કાતર ચાલી ગઈ. 'આર્યનને મેં મોટો થતો જોયો છે અને હવે એને સેટ પર ડિરેક્ટર તરીકે જોઈને બહુ આનંદ થાય છે. એ પોતાના કામમાં પુરેપુરો ખુંપેલો રહે છે. આટલી યુવાન વયે એણે કેટલો સરસ શો લખ્યો. સિરીઝમાં આર્યને પોતાના ટિપીકલ હ્યુમર અને ટ્વિસ્ટ મુક્યા છે. એ બહુ બુદ્ધિશાળી યુવાન છે. એને એક્ટર બનવાની ઈચ્છા કદી નથી થઈ પણ મને લાગે છ કે એમાં બદલાવ આવશે. આર્યનને કેમેરા સામે આવવું આજે પણ પસંદ નથી. મેં એને હવે 'બેડ્સ ઓફ બોલિવુડ'ની બીજી સિઝનમાં મને વધુ મોટો રોલ આપવા કહ્યું છે,' એમ પાટનગરના સોશ્યલાઈટ કહે છે.

દિલ્હીથી અવારનવાર મુંબઈ આવવું તમને શા માટે ગમે છે એવું પૂછાતા શાલિની સમાપનમાં કહે છ, 'મુંબઈમાં બધાને પોતાની રીતે રહેવાની અને જીવવાની આઝાદી છે. અહીં કોઈ કોઈની પંચાત નથી કરતું અને મને એ ગમે છે. મુંબઈ બધાને આવકારે છે. તમારામાં જો મેહનત કરવાની તૈયારી અને જુસ્સો હોય તો તમારા બધા સપના અહીં સાકાર થઈ શકે છે.'■

સોવિયત યુનિયનમાં સુપર-ડુપર હિટ રહેલી ફિલ્મ: ડિસ્કો ડાન્સર

વાત ૧૯૮૪ની છે. સોવિયત યુનિયનમાં કડક સેન્સશિપ નિયમો લાગુ કરાયા હતા. હોલિવુડની અમુક ફિલ્મો પર પાબંધી હતી. પરિણામ એવું આવ્યું કે, હોલિવુડની પ્રખ્યાત ફિલ્મો ત્યાં રીલિઝ થાય ન થાય તે નક્કી નહીં. તે સમયે ડિસ્કો ફિલ્મોનો ટ્રેન્ડ ચાલી રહ્યો હતો. દર્શકોને જ્હોન ટ્રાવોલ્ટાની 'સેડટર ડે નાઈટ ફીવર' રીલિઝ ન થતા 'ફોમો' રહ્યો. આ વચ્ચે ભારતીય ફિલ્મની કિસ્મત ચમકી. ભારતમાં રીલિઝના બે વર્ષ બાદ 'ડિસ્કો ડાન્સર' ૧૯૮૩માં સોવિયત યુનિયન પહોંચી.

ફિલ્મના ડિરેક્ટર બબ્બર સુભાષ મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મને પ્રદર્શિત કરવા મુદ્દે અવઢવમાં હતા. તેમને થયું, 'દો બિઘા ઝમીન' જેવી ફિલ્મો વચ્ચે મારી ફિલ્મ શું કરશે? તેમને સ્મિતા પાટિલે મનાવ્યાં. ફોન કરીને કહ્યું કે, જો તમે મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ રજૂ નહીં કરો, તો મોટી મૂર્ખામી કરશો. સુભાષ માની ગયા. બપોરના ત્રણ વાગે મોસ્કોના વિશાળ ઓડિટોરિયમમાં ફિલ્મનું પ્રીમિયર યોજાયું અને ૬ વાગ્યા સુધીમાં ફિલ્મ ફેસ્ટિવલની ફેવરિટ બની ગઈ. આ જાદુ હતો, મિથુન ચક્રવર્તી અને કિમ અભિનિત 'ડિસ્કો ડાન્સર'નો.

ફિલ્મ સોવિયત યુનિયનમાં સુપરડુપર હિટ રહી. એટલી હદે કે, વિશ્વ જેનાથી ડરતું, તેવા સોવિયત યુનિયનની જાસૂસી સંસ્થા કેજીબીના જાસૂસો કોડ વર્ડમાં ફિલ્મના ગીતનો ઉપયોગ કરતા. બીજા દેશમાં અન્ય કોઈ કેજીબી જાસૂસ મળે તો ખરાઈ કરવા પૂછાતું, જીમ્મી? ત્યારે, સામે જવાબ આ ફિલ્મના ગીતના બોલ, 'આજા આજા'ના રૂપમાં સાંભળવા મળતો.

ભારત-સોવિયત યુનિયનના સંબંધોની અસર

હાલ, ભારત અને રશિયાના સંબંધો વિશે જેવું કહેવામાં આવે છે, તેવું જ તે વખતે ભારત અને સોવિયત યુનિયનના સંબંધો વિશે કહેવાતું. ભારત અને સોવિયત યુનિયનની દોસ્તીના કારણે ભારતીય ફિલ્મો અને મ્યુઝિકને ખાસ સ્થાન અપાતું. ૧૯૫૪ના મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતીય ફિલ્મો જેવી કે, 'આવારા', 'દો બીઘા ઝમીન', 'આંધિયા' દર્શાવવામાં આવી હતી. રાજ કપૂર સોવિયત યુનિયનમાં સુપરસ્ટાર હતા. તેમની ફિલ્મો અને ગીતો સામાન્ય લોકોની જિંદગીનો હિસ્સો હતા. 'આવારા હૂ..' ગીત સોવિયત યુનિયનમાં પોપ્યુલર થયું હતું. આ સિવાય અમિતાભ બચ્ચન પણ સોવિયત યુનિયનમાં જાણીતા હતા.

રૂપિયા ૧૦૦ કરોડ કમાનારી પહેલી ભારતીય ફિલ્મ

સોવિયત યુનિયનમાં ફિલ્મની ૧,૦૧૩ પ્રિન્ટ રિલીઝ કરાઈ હતી. ફિલ્મને જોવા માટે ૬૦.૯ મિલિયન



દર્શકો થિયેટર સુધી પહોંચ્યા હતા. ફિલ્મ ૧૯૮૪ની સોવિયત બોક્સઓફિસના ટોપ ફિલ્મ બની હતી. આ સાથે જ ૧૯૮૦ના દાયકામાં ફિલ્મ સૌથી મોટી ફોરેન હિટ ફિલ્મ બની. આ ફિલ્મે રાજ કપૂરની 'આવારા'નો રેકોર્ડ પણ તોડ્યો હતો. તે સમયની રુબલની કમાણીને રૂપિયામાં ફેરવો તો લગભગ ૯૪ કરોડ રૂપિયાની કમાણી એકલા સોવિયત યુનિયનમાંથી કરી હતી. ભારતીય બોક્સઓફિસ કલેક્શન ઉમેરો તો ફિલ્મનો આંકડો રૂ. ૧૦૦.૬૮ કરોડ પહોંચ્યો હતો. જ્યારે, મિથુનને કહેવામાં આવ્યું કે, તમારી ફિલ્મે રૂપિયા ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે ત્યારે, તેમને વિશ્વાસ નહોતો થયો. તેઓ બોલી ઉઠ્યા હતા કે, ઈતના પૈસા, બાપ રે!

મિખાઇલ ગોર્બાચેવ ભારત મુલાકાતે

સોવિયત યુનિયનના વડા મિખાઈલ ગોર્બાચેવ ૧૯૮૬માં ભારત આવ્યા હતા. ભારત મુલાકાત દરમિયાન તત્કાલીન પીએમ રાજીવ ગાંધીએ તેમના મિત્ર અમિતાભ બચ્ચન સાથે તેમની મુલાકાત કરાવી અને કહ્યું કે, આ ભારતના સૌથી મોટા સુપરસ્ટાર છે. તે સમયે મિખાઈલ ગોર્બાચેવએ જે જવાબ આપ્યો તેને સાંભળીને સૌ કોઈ ચોંકી ગયા હતા. તેમણે કહ્યું કે, મને ખબર નથી કારણ કે, મારી પત્ની રાજ કપૂરની ફેન છે અને દીકરી મિથુનની. આ વાત બબ્બર સુભાષે એક ઈન્ટરવ્યુમાં કહી હતી.

ટિપિકલ બોલિવુડ સ્ટોરી

એક ટિપિકલ બોલિવુડ ફિલ્મ જોવી હોય તો, 'ડિસ્કો ડાન્સર' જુઓ. ગરીબ છોકરા જિમ્મીની કહાણી છે. તેની માતાનું અપમાન કરવામાં આવે છે. અપમાનનો બદલો તે સુપરસ્ટાર બનીને લે છે. ફિલ્મની શરૂઆતની પંદર મિનિટમાં તો બે ગીતો આવી જાય છે. અને ફિલ્મના અમુક સીન એવા જેને જોઈનેને થાય કે, ઈન્સ્ટાગ્રામ રીલ્સની ક્રીન્જ કન્ટેન્ટની જનક આ 'ડિસ્કો ડાન્સર' જ છે.

ગરીબ બાળક જિમ્મી સુપરસ્ટાર બની ગયો છે. તેના દુશ્મનો બદલો લેવા માટે તેના ગિટારનો ઉપયોગ કરવાના હોય છે. આ વાત દૂર બેઠેલી તેની માતાને ખબર પડે છે. તેની માતા ઉબર, ઓલા કે ખબર નહીં રેપિડોની બાઈક ટેક્સી કરીને દોડતી આવે છે. દીકરો ગિટાર પકડે તે પહેલા જ ગિટારને ઉઠાવી લે છે. કરંટ લાગવાથી તેનું મોત થાય છે. આ કરુણ સીન બાદ ભયંકર સિનેમેટોગ્રાફી જોવા મળે છે. મિથુનના ફેસનો ક્લોઝઅપ આવે છે અને કાંચ પર પથ્થર માર્યો હોય તેમ તેનો ચહેરો તૂટી જાય છે.

ફિલ્મના ક્લાઈમેક્સમાં જિમ્મીનો કોન્સર્ટ આવે છે. જેમાં, તે ગાઈ નથી શકતો. અચાનક માસ્ટર રાજુ (રાજેશ ખન્ના) પ્રગટ થાય છે. ગીત ગાવા લાગે છે. ૭૦-૮૦ ફૂટ દૂરથી ગિટાર ફેંકે છે. જિમ્મી ગિટારને એક સારા ફિલ્ડરની જેમ કેચ કરીને ગીત ગાવા લાગે છે. જિમ્મી ગીત ગાય તે તેના દુશ્મનોને નથી ગમતું. ખબર નહીં તેમને જિમ્મી સાથે દુશ્મની હોય છે કે, તેના અવાજ સામે. જિમ્મી પર ગોળીબાર કરવામાં આવે છે. માસ્ટર રાજુ દૂરથી દોડતા આવીને જિમ્મીના બદલે ગોળી ખાય છે. જિમ્મી માટે બીજું બલિદાન જોવા મળે છે. મરતા પહેલા તેઓ જિમ્મીને કહે છે, રુક ક્યું ગયા, ગીત ગા... અને જિમ્મી ગાવા લાગે છે. પોતાની છેલ્લી ઈચ્છા પૂરી થતા માસ્ટર રાજૂના પ્રાણ પંખેરુ ઉડી જાય છે. આ ફિલ્મથી ખ્યાલ આવ્યો કે, રશિયનોને ફક્ત ડાન્સ મ્યુઝિકમાં રસ હોય છે, તેમને સ્ટોરી સાથે કંઈ લેવા દેવા નહીં.



ભારતીય ફિલ્મ અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયામાં સુપરહિટ રહે તો સમજી શકાય, કારણ કે ત્યાં મોટી સંખ્યામાં એનઆરઆઈ રહે છે. ચીનમાં આમિર ખાનની પાઈરેટેડ 'થ્રી ઈડિયટ્સ'એ ધૂમ મચાવી હતી. વર્ષો પહેલાં એક એવી ફિલ્મ આવી હતી, જેણે સોવિયત યુનિયનમાં ભારતનો ડંકો વગાડ્યો હતો. એટલી હદે કે, સોવિયત યુનિયનના જાસૂસો એકબીજાની ખરાઈ કરવા ફિલ્મના ગીતનો ઉપયોગ કરતા. એક જાસૂસ બોલે 'જીમ્મી' તો બીજો કહેતો, 'આ જા આ જા...' આ જાણે કેજીબીનો ઓટીપી હતો. વિચારો, આ ફિલ્મ સોવિયેત રશિયામાં પણ કેવી હિટ રહી હશે!

ફિલ્મના અસલી હીરો બપ્પી લહેરી

બપ્પી લહેરીને કોણ ન ઓળખે? ગળામાં ગોલ્ડની દરેક પ્રકારની ચેઈન્સ, મંગળસૂત્ર અને ગોલ્ડનું ઘણું બધું. રાતના સમયે પણ સુપરમેન જેવા સનગ્લાસિસવાળું સ્પેશિયલ લૂક. અને તેમાં પાછી પેલી કોઈ કોપી ન કરી શકે તેવી હેરસ્ટાઈલ. બપ્પી લહેરી તેમના આ લૂકથી પણ વિશેષ હતા. તેમણે એવા ગીતો બનાવ્યા જેણે રશિયનોને પણ ઝૂમવા મજબૂર કર્યા. આ ફિલ્મના ગીતો તે સમયે ત્યાંના કલ્ચરનો ભાગ બન્યા હતા. દરેક ડિસ્કોમાં બપ્પી દાના ગીતો વાગતા. તેઓ સાચા અર્થમાં ડિસ્કો કિંગ હતા. તેમણે ડીજે જેવું કામ કર્યું હતું. વેસ્ટર્ન ડિસ્કો ટેક્સચરને ઈન્ડિયન મેલોડી સાથે મિક્સ કર્યું. જેમ, ડીજે ટ્રાન્સ મ્યુઝિકમાં વોકલ્સ ઉમેરે, તેમ તેમણે આ મ્યુઝિકમાં વોકલ્સ એડ-ઓન તરીકે ઉમેર્યા. અને જે મળ્યું તેનાથી સૌ મંત્રમુગ્ધ થયા.

આ માટે બપ્પી દાએ ગજબની સ્ટ્રેટર્જી વાપરી હતી. 'આઈ એમ અ ડિસ્કો ડાન્સર' વિજય બેનેડિક્ટ પાસે ગવડાવ્યું હતું. વિજયનું આ ડેબ્યુ હતું અને આલ્બમમાં તેમણે ફક્ત આ જ ગીત ગાયું હતું. બપ્પી દા તેમને બ્રિટનના એક કોન્સર્ટમાં મળ્યા હતા. આ ગીતનું રેકોર્ડિંગ કફ પેરેડના એચએમવી સ્ટુડિયોમાં આશરે ૮૦ થી ૧૦૦ મ્યુઝિશિયન્સ અને કોરસ સિંગર્સ સાથે કરાયું હતું,

'જિમ્મી જિમ્મી જિમ્મી આજા' માટે બપ્પી દાએ પાર્વતી ખાનને ચાન્સ આપ્યો હતો. પાર્વતીનો જન્મ ત્રિનિદાદમાં થયો હતો. તેમનું હિંદી કાચું-પાકું હતું. તેમ છતાં બપ્પી દાએ રિસ્ક લીધું અને ગીત સુપરહિટ રહ્યું. આ ગીતની ધૂને ફ્રેન્ચ ડિસ્કો ગ્રુપ ઓટાવનના ૧૯૮૦ના ગીત પરથી લેવામાં આવી હતી. તેમણે ઉષા ઉથુપ સાથે ડ્યુએટ 'કોઈ યહાં નાચે..' ગાયું હતું. આ ગીતને 'વીડિયો કિલ્ડ ધ રેડિયો સ્ટાર' પરથી તૈયાર કરાયું હતું. 'કૃષ્ણ ધરતી પે આજા' ટાઈલમેન બ્રધર્સના 'જીસસ, વોન્ટ યુ કમ બેક ટુ અર્થ' પરથી લેવામાં આવ્યું



રિમેકમાં રણબીર કપૂરને લેવાની ચર્ચા

આ ફિલ્મની રીમેકની ચર્ચા ૨૦૨૫થી ચાલી રહી છે. રિપોર્ટ મુજબ, રિમેક માટે રણબીર કપૂરનો સંપર્ક કરવામાં આવ્યો છે. જો રણબીર કપૂર ફિલ્મની રિમેકમાં જોડાય તો સવાલ રહેશે કે, ફિલ્મનું મ્યુઝિક કોણ આપશે? કારણ કે, ફિલ્મનો અસલી હીરો તો તેનું મ્યુઝિક જ છે.

દરેક પ્રોડ્કટ માટે એક ખાસ માર્કેટ

ચાર દાયકા બાદ પણ ડિસ્કોની ધૂન રશિયાને યાદ છે. શ્રીલંકન રેપર એમઆઈએએ 'જિમ્મી જિમ્મી જિમ્મી આજા' સોંગ યુઝ કર્યું હતું. 'ડેલી બેલી' ફિલ્મમાં આમિરનો ડિસ્કો ફાઈટરનો રોલ મિથુનના જિમ્મીથી જ પ્રેરિત હતો. ભારતમાં ભલે ફિલ્મે ૬ કરોડનો બિઝનેસ કર્યો. તેણે રશિયામાં ૯૪ કરોડથી વધુની કમાણી સાથે તરખાટ મચાવ્યો હતો. આ આંકડા એક સાદી પણ ઊંડી વાત સમજાવે છે કે : દરેક વસ્તુ માટે એક ખાસ માર્કેટ હોય છે. કોઈ વસ્તુ એક માર્કેટમાં ન ચાલે, તેનો મતલબ એ નથી કે, વસ્તુ ખરાબ છે. એનો મતલબ એટલો જ કે બીજું માર્કેટ અજમાવવા જેવું છે. પોતે બનાવેલી આર્ટ વિશે સંકોચ ન અનુભવવો. તેને વધુ લોકો સુધી પહોંચાડવી. આ સાથે જ ફિલ્મે શીખવ્યું કે, આર્ટના સીમાડા ન હોય. ભારતમાં બનેલી આર્ટ હજારો કિમી દૂર ઈતિહાસ સર્જી શકે છે. આ સાથે જ ફિલ્મ શીખવાડે છે કે, કોઈએ કરેલા કામ પરથી આપણે પ્રેરણા લીધી હોય તો તેને ક્રેડિટ આપી દેવી. બપ્પી દાએ ન આપી. તેમને થયું, 'કિસી કો પતા નહીં ચલેગા'. એવું ક્યારેય થતું નથી. કોઈની રચનામાંથી પ્રેરણા લેવી અને તેને ક્રિએટિવીટી સાથે નવા રંગરૂપ આપવા અલગ બાબત છે. પરંતુ, મૂળ સર્જકને ઓળખ આપવી, ક્રેડિટ આપવી જરૂરી છે. છેલ્લે અલ્લામા ઈકબાલના શેર સાથે વાતને વિરામ : 'હઝારો સાલ નરગીસ અપની બેનુરી પે રોતી હૈ.. બડી મુશ્કિલ સે હોતા હૈ ચમન મેં દીદાવર પૈદા..' ■

મુકેશ છાબરા : મોટા કલાકારો પાછળ દોટ મુકવાની હવે જરૂર નથી!

એક પ્રતિષ્ઠિત કાસ્ટિંગ-ડિરેક્ટર તરીકે મુકેશ છાબરાએ સારીએવી પ્રતિષ્ઠા અને નામના રળી છે. આટલું જ નહીં તેઓ પોતે પણ એક સેલિબ્રિટી છે. તેમણે ઘણી ફિલ્મોમાં અનન્ય પ્રદાન આપ્યું છે અને આ ફિલ્મોએ જ તેમને અગ્રીમ હરોળના કાસ્ટિંગ-ડિરેક્ટર તરીકે સ્થાન અપાવ્યું છે. આ ફિલ્મોમાં 'બજરંગી ભાઈજાન' (૨૦૧૫), 'દંગલ' (૨૦૧૬), 'સ્કેમ ૧૯૯૨' (૨૦૨૦), 'જવાન' (૨૦૨૩), 'ધૂરંધર' (૨૦૨૫) અને 'ધૂરંધર : ધ રિવેન્જ' (૨૦૨૬) જેવી ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં 'ફિક્કી ફ્રેમ્સ ૨૦૨૩'નું આયોજન થયું હતું ત્યારે જ મુકેશ છાબરા સાથે મુલાકાત થઈ હતી. આ વાતચીત દરમિયાન જ તેમને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે શું તમારે હજુય કોઈ પડકારો-ચેલેન્જનો સામનો કરવો પડે છે ખરો?

આ પ્રશ્નનો ઉત્તર આપતા મુકેશ છાબરાએ કહ્યું હતું કે 'દિગ્દર્શકો તરફથી સતત એવી માગ રહે છે કે તમારા પાસે જે કંઈ ઉત્તમ અદાકાર હોય તેને લઈ

'દિગ્દર્શકો તરફથી સતત એવી માગ રહે છે કે તમારા બેસ્ટ એક્ટર્સને લઈ આવો. હવે દરેક વખતે આ શક્ય નથી હોતું. અલબત્ત, શક્ય હોય ત્યાં સુધી હું તેમની તમામ ડિમાન્ડ પૂરી કરવાના પ્રયત્ન કરું છું...'

આવો. હવે આ વધુ તો દરેક વખતે શક્ય નથી હોતું. આ એક એવી બાબત છે જે કાયમ શક્ય નથી બનતી. આ તમને ક્યારેક અતિશયોક્તિપૂર્ણ બનાવે. થકવી નાખે, પરંતુ શક્ય હોય ત્યાં સુધી હું તેમની તમામ ડિમાન્ડ પૂરી કરવાના પ્રયત્ન કરું છું,' એમ છાબરાએ જણાવ્યું હતું.

આમ છતાં, હવે તો ઓટીટી દ્વારા નવી પ્રતિભા શોધવાને કારણે બીજા સ્ટાર્સની પાછળ દોડવાની જરૂર રહેતી નથી. હવે તો અન્ય-નવા કલાકારોને પણ કાસ્ટ કરવાની વધુ તક છે મને લાગે છે કે આ જ કારણ છે - કે જો તમે એવા ઘણા કલાકારો જુઓ છો જેમણે તેને મોટું બનાવ્યું છે, પછી ભલે તે વિજય વર્મા હોય કે રસિકા દુગલ કે અન્ય કોઈ! આનું કારણ એ છે કે લોકો હવે વાસ્તવિક કલાકારોને જોવા માગે છે, જેથી કરીને તેઓ તેમની સાથે જોડાઈ શકે-એક સેતુ કંડારી શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ સાથે મુકેશે એ હકીકત પર ભાર મુક્યો કે જ્યાં સુધી મને જે શ્રેણી અથવા ફિલ્મ માટે કાસ્ટ કરવાની છે, તેની સંપૂર્ણ સ્ક્રિપ્ટ ન મળે ત્યાં સુધી હું આ કામ સ્વીકારીશ નહીં. અલબત્ત, એ માટે પણ કારણો કે તે જીવનના એક એવા તબક્કામાં પહોંચી ગયો છે જ્યાં તે તેની માગ કરી શકે છે. મારે સંપૂર્ણપણે સમજવાની જરૂર છે કે હું શેના માટે કાસ્ટ કરી રહ્યો છું. ભૂમિકા માટે કેવા કલાકારની જરૂર છે, એવો નિષ્કર્ષ મુકેશ છાબરાએ કાઢ્યો હતો. ■



સોનાલી કુલકર્ણી : મારી જિજ્ઞાસા જ મને વિવિધ શૈલીમાં લઈ જાય છે!

'દિલ ચાહતા હૈ' ફિલ્મમાં પૂજા નામની એક યુવતીથી માંડીને તાજેતરમાં જ રિલિઝ થયેલી ફિલ્મ 'પેરેડાઈઝ'માં સમક્કાની ભૂમિકા ભજવનારી અભિનેત્રી સોનાલી કુલકર્ણીએ કદીય એકસરખી જ કે પરંપરાગત અદાકારી દ્વારા દર્શકો પર પોતાનો જાદુ નથી પાથર્યો, પણ તેમણે દરેક વખતે કંઈક ને કંઈક નવું કરવાનો વ્યૂહ અપનાવ્યો છે અને દર્શકોના હૃદયમાં સ્થાન જમાવવાનું જાળવી રાખ્યું છે. ઘણાને નવાઈ લાગશે કે 'દિલ ચાહતા હૈ' ફિલ્મને પચ્ચીસ વર્ષ પૂરા થયા છે. આ ફિલ્મ હજુ પણ કેમ સુસંગત-રિલેવન્ટ છે અને તેની સતત જિજ્ઞાસા સાથે તેની કારકિર્દીને કેવી રીતે અપનાવી છે - કારકિર્દીને ઘડી છે, તે વિશે વાત કરે છે. 'હું હમેશાં મારી સહજતાને અનુસરું છું જો મને વાર્તા સાંભળવી ગમે તો હું તેનો હિસ્સો બનવા માગું છું,' એમ તે ઉમેરે છે.

'હું હમેશાં નવા ફિલ્મનિર્માતાઓને કહું છું કે તમે જે ઈચ્છો છો તે બનાવો, અમે જે ઈચ્છીએ છીએ તે નહીં. મને સેટ પર અભિનય સિવાયનું કંઈ પણ નક્કી કરવાનું કે મારી હાજરીનો બોજ કોઈ પર નાખવાનું પસંદ નથી...'

દર્શકો હમેશાં સારા કાર્યને મજબૂત ટેકો આપે છે

સોનાલીના દર્શકો સાથેના સંબંધોમાં અણધારિતા મુખ્ય રહી છે. વિવિધ ભાષા, શૈલી અને માધ્યમોમાં કામ કર્યા પછી, સોનાલી કુલકર્ણી કહે છે, 'દર્શકો સાથેનો મારો સંબંધ - મારું બંધન વિશ્વાસ અને આશ્ચર્યજનક પરિબળને આભારી રહ્યું છે.' આ સાથે જ સોનાલી ઉમેરે છે, 'દાયકાઓથી આ સંબંધ વધુ મજબૂત બન્યો છે,' તેની નવી ટૂંકી ફિલ્મ 'મા'નું પ્રીમિયર મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં યોજાયું હતું અને અભિનેત્રી કહે છે કે તે આ ફોર્મેટને અપનાવવાનું રાખું છે કારણ કે હું સમજવા માગું છું કે ફિલ્મ નિર્માતા શું કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. મારી જિજ્ઞાસા મને ટૂંકી ફિલ્મો તરફ મને પાછી લાવે છે અને મને વિવિધ શૈલીઓ અને માધ્યમોમાં લઈ જાય છે, એમ સોનાલી ઉમેરે છે.

'દિલ ચાહતા હૈ'ના ૨૫ વર્ષ!

સોનાલી માને છે કે 'દિલ ચાહતા હૈ' ફિલ્મ આ જ સુધી દર્શકોના હૃદયમાં કેમ ગુંજતું રહે છે, તે સાવ સરળ વાત છે- તેનું લખાણ છે. આ અંગે સોનાલી કહે છે, ફિલ્મે યુવાનો સાથે તેમની લાગણીને પરિચિત મેલોડ્રામેટિક ટેમ્પલેટ્સમાં દબાણ લાવવા વિના વાત કરી હતી. યુવાનોની ભાષા બોલવી અને તેમની લાગણીને નવી રીતે રજૂ કરવી ખરેખર સરળ લાગ્યું. આ સાથે તે તેના પાત્ર-પૂજાની નિખાલસતા તરફ ધ્યાન દોરે છે. રમૂજની વાત આવે છે ત્યારે ફિલ્મે તેના દર્શકો પર પણ વિશ્વાસ કર્યો. સેટ પરનું આરામદાયક વાતાવરણ અનુભવનો બીજો ભાગ છે અને ફિલ્મના અંતિમ સાંસ્કૃતિક પ્રભાવ હોવા છતાં કોઈ પણ તેને બદલાવતી વખતે આ સ્થિતિ પ્રાપ્ત કરવા વિશે વિચારી રહ્યું ન હતું. તમે પરિણામની કલ્પના કરી રહ્યા નથી. મારી પાસે તે દ્રષ્ટિ નથી. જ્યાં હું આગાહી કરવાનું શરૂ કરીશ કે દર્શકો કેવી પ્રતિક્રિયા આપશે. અમારી પાસે અમારું શ્રેષ્ઠ છે અને બાકીના ટુકડા-હિસ્સા તેના સ્થાને પડ્યા છે, એમ સોનાલી કુલકર્ણી ઉમેરે છે.

હું હમેશાં નવા ફિલ્મનિર્માતાઓને કહું છું કે તેઓ જે ઈચ્છે છે તે બનાવો, એવું નહીં જેવું અમે ઈચ્છીએ છીએ. મને સેટ પર કંઈ પણ નક્કી કરવાનું કે મારી હાજરીનો બોજ કોઈ પર નાખવાનું પસંદ નથી, એમ સોનાલીએ જણાવ્યું હતું. ■



પંકજ ત્રિપાઠીઃ માણસ સોજ્જો, પણ ફિલ્મના પડદે સાવ નઠારો

પંકજ ત્રિપાઠી. વાતચીત, ચહેરો અને હાસ્યથી નખશીખ સજ્જન. ફિલ્મના પડદા પર ભારે કાવતરાખોર ખલનાયક. પોતાના અભિનયથી વિલનની ભૂમિકાને બરાબર સાકાર કરે. એટલે જ તો દર્શકોને પણ જબરો વિરોધાભાસ લાગે કે પંકજ ત્રિપાઠી નામનો સીધો ,સાદો, સરળ લાગતો માણસ પડદા પર વળી આટલો ખૂંખાર ભલા કઈ રીતે હોઇ શકે ?

આશ્ચર્યની બાબત તો એ છે કે આ જ બિહારી બાબુ પંકજ ત્રિપાઠીએ પ્રયોગશીલ ફિલ્મ સર્જક અનુરાગ કશ્યપની ફિલ્મ ગેંગ્ઝ ઓફ વાસ્સેપુર (૨૦૧૨)માં સુલતાનની અને ફિલ્મ લુડો (૨૦૨૦)માં સત્તુ ભૈયાની વિલનની ભૂમિકા ભજવી છે. થોડાં અઠવાડિયાં પહેલાં રજૂ થયેલી મિર્ઝાપુર ફિલ્મમાં પણ પંકજ ત્રિપાઠીએ કાલીન ભૈયાનું બેડમેનનું પાત્ર ભજવ્યું છે.

‘ગેંગ્ઝ ઓફ વાસ્સેપુર’, ‘લુડો’, ‘મિર્ઝાપુર’ વગેરે ફિલ્મોમાં તેઓ બેડમેન બન્યા છે

‘હું સાત-આઠ વર્ષથી મારા કાલીન ભૈયાના પાત્રમાં જ સતત રમતો રહ્યો છું. મેં મારા અંતરમનમાં કાલીન ભૈયાને બરાબર સાચવી રાખ્યો છે. છતાંય સેટ પર દરેક દિવસ મારા માટે નવો બની સાબિત થતો હતો.’


બિહારના ખોબલા જેવડા બેલસંદ ગામના વતની પંકજ ત્રિપાઠી કહે છે, જુઓ, કોઇપણ નાટક હોય કે ફિલ્મ, એક કે બીજી રીતે સંઘર્ષ, વિવાદ, દ્વિધા વગેરે પાસાં તો હોય જ. કથા -પટકથાના પ્રવાહમાં પણ આરોહ -અવરોહ પણ હોય. મિર્ઝાપુર ફિલ્મની કથામાં પણ મારું કાલીન ભૈયાનું પાત્ર પણ થોડુંક નઠારું છે. ખરું કહું તો કાલીન ભૈયાની વાત તો ૨૦૧૮ની છે. એટલે કે હું સતત સાત-આઠ વર્ષથી મારા કાલીન ભૈયાના પાત્રમાં જ રમતો રહ્યો છું. એમ કહો કે મેં મારા અંતરમનમાં કાલીન ભૈયાને બરાબર સાચવી રાખ્યો છે. વળી, મિર્ઝાપુર ફિલ્મનું શૂટિંગ થાય ત્યારે સેટ પરનો દરેક દિવસ મારા માટે સાવ જ નવો બની રહ્યો છે.

ફિલ્મ ઓમકારા (૨૦૦૬)થી હિન્દી ફિલ્મ જગતમાં અભિનય યાત્રા શરૂ કરનારા પંકજ ત્રિપાઠી કહે છે, મારા નમ્ર મત અને અનુભવ મુજબ દરેક કલાકાર, ભલે પછી તે રંગમંચનો હોય કે ફિલ્મનો, તેના માટે દરેક ભૂમિકા નવી હોય. દરેક દિવસ પણ નવો અને પરીક્ષા સમાન હોય. અભિનેતા કે અભિનેત્રી, રંગમંચ પર કે ફિલ્મના સેટ પર હાજર થાય ત્યારે તેના અંતરમનમાં જાતજાતના વિચાર રમતા હોય. તેને સતત એવો અણિયાળો સવાલ પણ થતો હોય કે હું આજે મારા આ પાત્રને યોગ્ય ન્યાય આપી શકીશ કે નહીં ? મારો આજનો દિવસ સારો રહેશે કે નહીં? તે થોડોક એમ કહો કે નર્વસ હોય. વળી, આ જ નર્વસનેસ દરેક કલાકારને જીવતો રાખે છે.

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (એનએસડી - દિલ્હી)ના વિદ્યાર્થી અને બે નેશનલ એવોર્ડ્ઝનું સન્માન પ્રાપ્ત કરનારા પંકજ ત્રિપાઠી બહુ મહત્વનો મુદ્દો રજૂ કરતાં કહે છે, હું મારા અંગત જીવનમાં બહુ જ શાંત,નમ્ર, સહજ, સરળ છું. કોઇપણ વ્યક્તિ સાથે ક્યારેય પણ ઉંચા અવાજે કે ગુસ્સાથી વાત નથી કરતો. બીજીબાજુ મેં ગેંગ્ઝ ઓફ વાસ્સેપુર, લુડો અને હવે મિર્ઝાપુર વગેરે ફિલ્મોમાં ખરાબ માણસની ભૂમિકા ભજવી છે. હવે હકીકત તો એ છે કે અભિનયની સાથે સાથે વિવાદ અને સંઘર્ષ પણ દોડતાં હોય છે. અને તો જ હાસ્ય, રમૂજ વગેરે તત્વો આવે. વાતાવરણ નાટ્યાત્મક બને.

હા, આ બધાં પાસાં તો અભિનયનાં છે. અંગત જીવનનાં જરાય નહીં. મારે એક અભિનેતા તરીકે વિવિધ પ્રકારનાં પાત્રો ભજવવાનાં છે. મારી જાતને સજ્જન, પ્રેમાળ, સર્જનશીલ, રમૂજી, દુર્જન, ચબરાક વગેરે ભૂમિકામાં ઢાળવાની છે. મારે મારી અભિનયકલાથી વાદ - વિવાદ, સંઘર્ષ વગેરે પાસાં ફિલ્મના પડદા પર રજૂ કરવાનાં છે. મારા અભિનયમાં વિવિધ રંગ દર્શાવવાના હોય છે.

પંકજ ત્રિપાઠી કહે છે , બોલીવુડના નિર્માતાઓ અને દિગ્દર્શકો મને સતત નઠારા અને ચાલબાજ માણસનાં પાત્રો જ આપી રહ્યા છે. જાણે કે મારા માટે જ કથા-પટકથા લખાતી હોય. મને લાગે છે કે તેઓ દર્શકોના બહોળા પ્રતિસાદને ધ્યાનમાં રાખીને આવો નિર્ણય લઇ રહ્યા છે. હા, મને આવાં પાત્રો ભજવવાથી એક અભિનેતા તરીકે ઘણો બહોળો અનુભવ મળે છે. મારી અભિનય ક્ષમતા સમૃદ્ધ થઇ રહી છે.



ગેંગ્ઝ ઓફ વાસ્સેપુર, ન્યુટન, સેક્રેડ ગેમ્ઝ, સ્ત્રી, ક્રિમિનલ જસ્ટિસ, લુડો, કાગઝ, મિમિ, ઓએમજી : ૨ વગેરે ફિલ્મોમાં વિવિધ પાત્રો ભજવનારા પંકજ ત્રિપાઠી કહે છે, હું મારી આજુબાજુ ક્યાં ઈ શું શું થઇ રહ્યું છે, લોકો એકબીજાં સાથે કઇ રીતે વાત કરે છે, તેમની બોલવાની, ચાલવાની ,ખાવાની, બેસવાની રીતભાતનું ખાસ - સૂક્ષ્મ નિરીક્ષણ કરું છું.

વળી, હું મારા ચહેરા પર માસ્ક પહેરીને સિનેમાગૃહમાં મારી પોતાની ફિલ્મ જોવા જાઉં છું. દર્શકો વચ્ચે બેસીને તેમના પ્રતિભાવ સાંભળું છું. મારી ફિલ્મ ઓવર ધ ટોપ (ઓટીટી) પર હોય તો હું સોશિયલ મિડિયા દ્વારા માહિતી મેળવું છું. આટલું જ નહીં, હવે તો દર્શકો મને ફોન કરીને પણ તેમનો અભિપ્રાય વ્યક્ત કરે છે. થોડા સમય પહેલાં મિર્ઝાપુર ફિલ્મ જોઇને એક દર્શકે તો છેક ન્યુ યોર્કથી ફોન કરીને તેનો રાજીપો વ્યક્ત કર્યો હતો. ■

સોશિયલ સર્કલ

કૃતિ સેનનઃ યેસ યેસ યેસ યેસ યેસ...!



હોલિવુડની ‘ઓબ્સેશન’ ફિલ્મે વિશ્વભરમાં કેવી ધમાલ મચાવી હતી તે આપણે જાણીએ છીએ. એક બિનઅનુભવી જુવાનિયાએ સાવ ઓછા બજેટમાં બનેલી આ હોરર ફિલ્મે સોલિડ બિઝનેસ કર્યો. ન્યુઝ એ છે કે આ ફિલ્મ હવે હિન્દીમાં આવી છે. ના ના, એની હિન્દી રીમેક નથી બની, બલ્કે એનું હિન્દી ડબ્ડ વર્ઝન જિયોહોટસ્ટાર પર મૂકાયું છે. મુખ્ય નાયક-નાયિકા માટે વરૂણ ધવન અને કૃતિ સેનને ડબિંગ કર્યું છે... અને બોસ, શું મસ્ત ડબિંગ થયું છે. સૌથી પહેલાં તો, ઓન-પેપર ડાયલોગ્ઝનું હિન્દી રૂપાંતરણ બહુ સરસ થયું છે અને વરૂણ-કૃતિએ વાચિકમ અભિનયમાં જીવ રેડ્યો છે. ખાસ કરીને કૃતિએ! આ તસવીર કૃતિએ ખુદ ઈન્સ્ટા પર શેર કરી છે. એમ તો હિન્દી ડબ્ડ વર્ઝનના પ્રમોશન માટે કૃતિ-વરૂણે રીતસર એકાદ-બે સીન પણ શૂટ કર્યા છે. એ પણ મસ્ત બન્યા છે. ખાસ કરીને હિરોઇનનો પેલો ‘નો-નો-નો-નો-નો...’વાળો સીન. ‘ઓબ્સેશન’માં એકેય વાર ભૂત-ચુડેલ કશું આવતું નથી, પણ તોય હીરો અને ઓડિયન્સ બન્નેના હાંજા ગગડી જાય છે. ‘ઓબ્સેશન’ અંગ્રેજીમાં ઓલરેડી જોઈ લીધી હોય તો પણ એનું હિન્દી વર્ઝન નવેસરથી જોજો. મજ્જા પડશે.

શાહરૂખ@ 61: કોફી વિથ કિંગ



બીજી નવેમ્બર આવી નથી ને સોશિયલ મિડીયા ‘હેપી બર્થડે શાહરૂખ...’ મેસેજીસથી છલકાયું નથી. કંઈકેટલાય હીરો-હિરોઈન-ડિરેક્ટર, અન્ય ફિલ્મી હસ્તીઓ, અરે, જર્નલિસ્ટો સુધ્ધાંએ હરખપદૂડા થઈને શાહરૂખ સાથેની પોતાની તસવીર ઈન્સ્ટાગ્રામ પણ શેર કરી છે. આ તસવીર સેલિબ્રિટી ફોટોગ્રાફર અવિનાશ ગોવારીકરે ક્લિક કરી છે. એકાએક આપણને ભાન થાય છે કે ખાનભાઈને આપણે છેલ્લાં ત્રણ વર્ષથી, ટુ બી પ્રિસાઇઝ, ડન્કી’ પછી બિગ સ્ક્રીન પર જોયા નથી. શાહરૂખને હવે આપણે ‘કિંગ’માં જોઈશું, જેમાં એની સુપુત્રી સુહાના ખાન પણ છે. એસઆરકેને જોકે આપણે બિગ સ્ક્રીનની પહેલાં પહેલાં સ્મોલ સ્ક્રીન પર જોઈ લઈશું, ‘કોફી વિથ કરન’માં. ચિયર્સ!

આયુષ્માન ખુરાનાનાં તીર-કમાન



થેન્ક ગોડ... આયુષ્માન ખુરાનાની એક સારી ફિલ્મ આખરે આવી ખરી. વાત થઈ રહી છે, ‘ઉડતા તીર’ની. ધર્મા પ્રોડક્શનની આ ફિલ્મ, સમજોને કે ચુપચાપ, ખાસ કંઈ ધૂમધડાકા વગર રિલીઝ થઈ ગઈ - બિગ સ્ક્રીન પર. આ કોમેડી-સ્પાય ફિલ્મે બોક્સ ઓફિસ પર કંઈ વિશેષ ધમાકો નથી કર્યો, પણ જેમણે પણ આ ફિલ્મ જોઈ છે એમને મજા જરૂર પડી છે. ફિલ્મની સ્ટોરીલાઈન એવી છે કે ઘણા પ્રેક્ષકો એને ‘ધૂરંધર-થ્રી’ ગણાવે છે. આયુષ્માન ફરી સાબિત કર્યું છે કે એ એક તગડો એક્ટર-પર્ફોર્મર છે. હિરોઈન સારા અલી ખાનનું પર્ફોર્મન્સ? નો કમેન્ટ્સ! ‘ઉડતા તીર’ થિયેટર ન જોઈ હોય તો ઓટીટી પર જોઈ લેજો, જ્યારે એનું સ્ટ્રીમિંગ શરૂ થાય ત્યારે.

વિશાખા સિંહઃ કાશ્મીરનો નવો ચહેરો દર્શાવવાના ‘ઈનામ’ની હકદાર બનશે?



ફિલ્મોમાં અત્યાર સુધી કાશ્મીરના બે અંતિમ છેડા બતાવવામાં આવ્યા છે. એક ધરતીનું સ્વર્ગ અને બીજો આતંકવાદ. શું આનો અર્થ એવો થયો કે કાશ્મીરમાં તેના સિવાય કશું નથી? આનો જવાબ ‘ફૂટબોલ ક્લબ’ વેબ સીરિઝમાં મળે છે.

આ વેબ સીરિઝમાં કાશ્મીરમાં સૌ પ્રથમ પ્રોફેશનલ ફૂટબોલ ક્લબ બનાવવાની વાસ્તવિકતા રજૂ કરવામાં આવી છે. મહત્ત્વની વાત એ છે કે ‘કાશ્મીર ફૂટબોલ ક્લબ’ને આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ્સ ૨૦૨૭માં બેસ્ટ ડ્રામા કેટેગરીમાં નામાંકન મળ્યું છે. અલબત્ત, ‘ફુકરે’ની અભિનેત્રી અને આ વેબ શોની નિર્માત્રી વિશાખા સિંહને આ કાર્ય પાર પાડવા લોઢાના ચણા ચાવવાની નોબત આવી હતી. આમ છતાં સંખ્યાબંધ સમસ્યાઓ અને પડકારોને પાર કરીને તેણે કાશ્મીરના ફૂટબોલ ક્લબની મૂળ કહાણી પડદા પર મૂકીને પોતાના લોખંડી મનોબળનો પરચો બતાવી દીધો.

વિશાખા સિંહને લોઢાના ચણા ચાવવાની નોબત આવી હતી છતાં સંખ્યાબંધ સમસ્યાઓ ને પાર કરીને તેણે કાશ્મીરના ફૂટબોલ ક્લબની મૂળ કહાણી પડદા પર મૂકીને પોતાના લોખંડી મનોબળનો પરચો બતાવી દીધો.

વિશાખા કહે છે કે હું દર્શકોને કાશ્મીરનો ઉમ્મીદભર્યો નવો ચહેરો બતાવવા માગતી હતી. લોકો સુધી એ વાત પહોંચવી જ જોઈએ કે કાશ્મીર એટલે માત્ર સ્વર્ગ સમું સુંદર અથવા ડરામણું આતંકવાદ જ નહીં, કાંઈક નવું કરી બતાવવા ઉત્સાહી યુવાઓનું સ્થળ પણ છે. ૨૦૧૯માં મારા મિત્ર અને આ સીરિઝના લેખક ઉમંગ વ્યાસ તેમ જ સિમાબ હાશ્મીએ મને તેની કહાણી સંભળાવી હતી. માત્ર ત્રણ વર્ષ પહેલા બનેલી આ ફૂટબોલ ક્લબ મોટી મોટી ક્લબોને હરાવી રહી છે. તે વખતે મને એમ લાગ્યું કે આ વાત લોકો સુધી પહોંચવી જ જોઈએ. તે વખતે ફેબ્રુઆરી મહિનાની માઈનસ છ ડિગ્રી ઠંડીમાં તેઓ કાશ્મીરમાં રિસર્ચ માટે ગયા. ત્યાંથી તેમણે મને મેચના વીડિયો મોકલ્યા. વીડિયોમાં મેં જોયું કે આવી હાડ થીજાવી દેતી ઠંડીમાં શ્રીનગરના યુવાનો થરથર કાંપતા પણ મેચ જોઈ રહ્યા હતા. આખું સ્ટેડિયમ ખીચોખીચ ભરેલું હતું. લોકો રીઅલ કાશ્મીરના ગીતો ગાતાં હતાં. મારા માટે કાશ્મીર વિશેનું આ દ્રશ્ય તદ્દન નવું હતું. અને મારો આ સીરિઝ બનાવવાનો ઇરાદો વધુ મજબૂત બન્યો. મારી સાથે ‘દિલ્હી ક્રાઇમ’ ફેમ મારા મિત્ર ક્લિયન કેરવિન અને દિગ્દર્શક મહેશ મથાઈ મારી સાથે જોડાયા ત્યારે મને લાગ્યું કે હું સાચી દિશામાં આગળ વધી રહી છું.



અમારી સામે પડકારોની વણઝાર હતી. કોરોના કાળ પછી આ સિરીઝમાં રોકાણ કરનારાઓ ખસી ગયા. અને અમે કોઈ ઓટીટી પાસેથી પૈસા ન લીધાં. કાશ્મીર વિશે લોકો ચોક્કસ દિશામાં જ વિચારે છે. જો અમે ઓટીટીને રોકાણ કરવાનું કહેત તો કદાચ અમને આ શોની કહાણીમાં સનસનાટી ઉમેરવાનું કહેવામાં આવત. જ્યારે અમે માત્ર ફૂટબોલની કહાણી જ રજૂ કરવાના પક્ષમાં હતા. અમને કાશ્મીરના યુવાનોની, ત્યાંના સામાન્ય જીવનની, બાળકોને શાળામાં જતાં બતાવવાની, લોકો ખાવા-પીવા બહાર નીકળી રહ્યા છે તે પાસાં બતાવવાની ઇચ્છા હતી. રીઅલ કશ્મીર ફૂટબોલ ક્લબના સંસ્થાપકો પત્રકાર શમીર મેરાજ અને બિઝનેસમેન દિવંગત સંદીપ ચટ્ટૂએ અમારા ઉપર જે ભરોસો રાખ્યો હતો તેમની સાથે અમે વિશ્વાસઘાત શી રીતે કરી શકીએ? અમારા માટે વર્ષ ૨૦૨૩નો અંતિમ દિવસ મોટી ખોટ લઈને આવ્યો. તે દિવસે સંદીપ ચટ્ટૂનું નિધન થયું. તે વખતે અમને લાગ્યું કે હવે આ સીરિઝ બનાવવાનું સંભવ નથી. પરંતુ તેમના આશીર્વાદથી જ આ શો બન્યો અને દર્શકોએ તેને વધાવી પણ લીધો. અને હવે આ શોને એમી એવોર્ડ્સ માટે નામાંકન મળ્યું ત્યારે એમ લાગે છે કે ઈશ્વર પણ અમારી સાથે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશાખા સિંહે બોલીવૂડમાં ‘ખેલે હમ જી જાન સે’, ‘ફુકરે’ સહિત દક્ષિણ ભારતની કેટલીક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. એ કહે છે કે ૨૦૧૨-૨૦૧૪ દરમિયાન મેં હિન્દી અને દક્ષિણ ભારતની મળીને ચૌદેક ફિલ્મો કરી. પણ ત્યાર પછી મને સારી ફિલ્મોની ઓફરો નહોતી મળતી. અને મને કરવા ખાતર કોઈ ફિલ્મ નહોતી કરવી. છેવટે મેં વર્ષ ૨૦૧૫માં અભિનય છોડવાનો નિર્ણય કર્યો. મહત્ત્વની વાત એ છે કે મારા માટે આ નિર્ણય ફળદાયી નીવડ્યો.

ગુડ લક, વિશાખા. ■

નવું શું છે?

■ કલ્પના કરો કે ઘરનો જુવાન દીકરો એનાં મમ્મી-પપ્પાને સરપ્રાઇઝ આપવા માટે વૈભવી ફ્લેટ ગિફ્ટમાં આપે છે. ફ્લેટ તો ખરીદી નાખ્યો, પણ પછી કહાણીમાં જે અણધાર્યો ટ્વિસ્ટ-એન્ડ-ટર્ન્સ, લાગણીભરી ક્ષણો અને ફેમિલી ડ્રામા આકાર લે છે એ તો તમે ‘દિવાળી દિવાળી’ ફિલ્મ જુઓ તો જ ખબર પડે. મિહીર આહુજા, મનોજ પાવા, નીલુ કોહલી અને ઑરા બદોનીને ચમકાવતી આ ફિલ્મ નેટફ્લિક્સ પર મૂકાઈ છે.

■ શું તમે કોરિયન ફિલ્મોના શોખીન છો? તો સંભવતઃ ‘પોસિબલ લવ’ નામની ફિલ્મ જોવી તમને ગમશે. બે મેરીડ કપલ છે. તેઓ સમાજના જુદા જુદા વર્ગમાંથી આવે છે. એક ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર આ બન્ને યુગલનું જીવન શૂટ કરવાનું નક્કી કરે છે ને પછી એવી એવી વાતો સામે આવે છે કે... આ ફિલ્મ આજે જ નેટફ્લિક્સ પર મૂકાઈ છે.

■ દુલકર સુલમાન સાઉથનો એક એવો સ્ટાર છે, જે હજુ સુધી બોલિવુડમાં સફળ થયો નથી. દુલકરનો ચાર્મ જોવો હોય તો ‘આઇ એમ ગેમ’ નામની એક્શન થ્રિલર જોઈ લો. નેહાસ હિદયથ નામના ડિરેક્ટરની આ ફિલ્મમાં દુલકર એક બિન્ધાસ્ત જુગારી બન્યો છે. પોતાના નસીબ પર એને એટલો બધો ભરોસો છે કે એ એક પછી એક ખતરનાક સિચ્યુએશન્સમાં ફસાતો જાય છે. ક્યાં ફિલ્મ જોશો? જિયોહોટસ્ટાર પર.

■ ‘બ્લાઇન્ડ ગેમ’ એક સસ્પેન્સ થ્રિલર ફિલ્મ છે, જેમાં અર્જુન રામપાલ અને પ્રિયમણિ મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. સ્ટોરી એવી છે કે, ફ્રેન્ડ્ઝનું એક જૂથ અને પાંચ કરોડ રૂપિયા ગાયબ થઈ ગયાં છે, અને આઇપીએસ ઓફિસર (અર્જુન) આ કેસની છાનબીન કરે છે. આ ફિલ્મ તમે ઝીફાઇવ પર જોઈ શકો છો.

